**સુવિચાર**

જીવનમાં સફળ થવા માટે મહેનત અને સખત પરિશ્રમ જરૂરી છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




શહેરમાં ગુનાખોરી વકરતા કોંગ્રેસે સી.પી. કચેરીને ઘેરાવ કરી ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા P-4


Year-16, Issue-170 ■ DATE : 01-11-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


## કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં માત્ર રૂ.પનો ઘટાડો !

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવેમ્બરની પહેલી તારીખે સવાર સવારમાં સારા સમાચાર મળ્યા. ગેસ સિલિન્ડરના ભાવ ઘટ્યા. રાંધણ ગેસના ભાવમાં સતત બીજીવાર ઘટાડો જોવા મળ્યો. જો કે આ વખતે ઘટાડો સામાન્ય રહ્યો. ઓઈલ કંપનીઓના આ નિર્ણયથી ૩૨.૯૪ કરોડ એલપીજી ગ્રાહકોમાંથી જો કે મોટાભાગના ચહેરા પર નિરાશા હશે કારણ કે ભાવ ઘટવા છતાં તેમને ફાયદો નથી. વાત જાણે એમ છે કે સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરના ભાવમાં નામ માત્ર ઘટાડો કર્યો છે. ઓઈલ કંપનીઓએ ૧૯ કિલોવાળા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૫ રૂપિયા ઘટાડ્યા છે. સરકારે કોમર્શિયલ સિલિન્ડરના ભાવ ઘટાડ્યા પરંતુ ઘરેલુ સિલિન્ડરના ભાવ યથાવત રાખ્યા. છેલ્લે માર્ચ ૨૦૨૪માં ઘરેલુ સિલિન્ડરના ભાવ ઘટ્યા હતા. ત્યારબાદ કોઈ ઘટાડો થયો નથી. હવે સવાલ એ છે કે ફક્ત કોમર્શિયલ સિલિન્ડરના ભાવ કેમ ઘટ્યા? કોમર્શિયલ હોય કે ડોમેસ્ટિક બંનેમાં એલપીજી છે અને બંનેનું કામ રાંધવાનું છે. તો પછી રાહત એક જ પ્રકારના સિલિન્ડરમાં કેમ? કોમર્શિયલ ૧૯ કિલોના વજનનો સિલિન્ડર હોય છે. અને તેની કિમત ઘરેલુ સિલિન્ડર (૧૪.૨ કિલોવાળું સિલિન્ડર)થી વધુ હોય છે. જ્યાં કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૧૫૦૦-૧૬૦૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર હોય છે ત્યારે ઘરેલુ સિલિન્ડરનો ભાવ ૮૦૦-૯૦૦ રૂપિયા હોય છે. બંનેના ભાવમાં અંતરનું સૌથી મોટું કારણ છે ઉપયોગ. કોમર્શિયલ સિલિન્ડરનો ઉપયોગ હોટલ, રેસ્ટોરા, વગેરે જગ્યાએ થાય છે. જ્યારે ઘરેલુ સિલિન્ડરનો ઉપયોગ આપણા ઘરમાં થાય છે.

# બેંક નોમિની - આધાર અપડેટ સહિતના નિયમોમાં આજથી ફેરફાર

### નવા વર્ષથી બેંકિંગ સેવામાં ગ્રાહકને રાહતઃ પાંચ નવા નિયમો અમલીઃ બેંક ખાતામાં હવે ચાર નોમિનીની છૂટઃ ફાસ્ટટેગમાં કેકેવી પ્રક્રિયા ફરજીયાત




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આજે ૧ નવેમ્બર છે નાણાં સંબંધિત ઘણા મહત્વપૂર્ણ નિયમો અને નીતિ અપડેટ્સ અમલમાં આવ્યા છે, જેની અસર સામાન્ય જનતા પર પડી રહી છે. આ ફેરફારોમાં બેંક એકાઉન્ટ્સ અને લોકર્સ માટે નવા નોમિનેશન નિયમો તેમજ નોંધણી અને ક્રેડિટ કાર્ડ નિયમોનો સમાવેશ થાય છે. ૧ નવેમ્બરથી બદલાયેલા પાંચ નિયમો વિશે જાણોઃ

૧ નવેમ્બરથી બેંક ડિપોઝિટ એકાઉન્ટ્સ અને બેંક લોકર્સ માટે એકને બદલે ચાર નોમિની બનાવી શકાય છે. ૧ નવેમ્બરથી, બેંક ગ્રાહકો એક સાથે અથવા ક્રમિક રીતે ચાર લોકોને નોમિની કરી શકશે. એક સાથે નોમિનેશનમાં, થાપણદારો ચાર નોમિની સુધી નોમિની કરી શકે છે અને દરેક નોમિનીને તેઓ જે શેર આપવા માંગે છે તે સૂચવી શકે છે. આ વિવાદોને અટકાવશે. ક્રમિક નોમિનેશનમાં, ચાર જેટલા નોમિની નોમિનેટ કરી શકાય છે, પરંતુ આ કિસ્સામાં, જો ખાતાધારક હવે જીવંત ન હોય, તો મિલકત પહેલા નોમિની પાસે ટ્રાન્સફર કરવામાં આવશે. તેમના મૃત્યુ પછી, મિલકત ક્રમિક રીતે આગળ વધશે. જો કે, એ પણ સ્પષ્ટ છે કે નોમિની કાયદેસર વારસદાર હોવો જરૂરી નથી.

સરળ GST નોંધણી પ્રક્રિયા આજે, ૧ નવેમ્બરથી શરૂ થઈ ગઈ છે. બે પ્રકારના અરજદારો માટે ત્રણ કાર્યકારી દિવસોમાં સ્વચાલિત નોંધણી મંજૂર કરવામાં આવશે. એક પ્રકાર તે હશે જેમને ડેટા વિશ્લેષણના આધારે સિસ્ટમ દ્વારા ઓળખવામાં આવશે. બીજો તે હશે જે સ્વ-મૂલ્યાંકન કરશે અને તેમની આઉટપુટ ટેક્સ જવાબદારી દર મહિને ૨.૫ લાખ રૂપિયાથી વધુ નહીં હોય.

કેન્દ્ર અને રાજ્ય સરકારના પેન્શનરોએ ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બરની વચ્ચે તેમનું વાર્ષિક જીવન પ્રમાણપત્ર સબમિટ કરવાનું રહેશે. સરકારે નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) માંથી યુનિફાઇડ પેન્શન સ્કીમ (UPS)માં સ્થળાંતર કરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર સુધી લંબાવી છે.

૧ નવેમ્બરથી, SBI ક્રેડિટ કાર્ડ વપરાશકર્તાઓને ચોક્કસ પ્રકારના વ્યવહારો પર વધારાનો ૧% ચાર્જ લાગશે. ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને Paytm અથવા PhonePe જેવા ડિજિટલ વોલેટમાં રૂ.૧,૦૦૦ થી વધુ લોડ કરવા પર ૧% ફી લાગશે. તેવી જ રીતે, Cred અથવા Mobikwik જેવી થર્ડ-પાર્ટી એપ્સ દ્વારા શાળા કે કોલેજ ફી ચૂકવવા પર પણ ૧% સરચાર્જ લાગશે.

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ આધાર સંબંધિત સેવાઓ માટેની ફીમાં કેટલાક ફેરફારો કર્યા છે. નવા નિયમો અનુસાર, બાળકો માટે બાયોમેટ્રિક અપડેટ આગામી એક વર્ષ માટે મફત રહેશે. પુખ્ત વયના લોકોના આધાર કાર્ડ પર વસ્તી વિષયક અપડેટ્સ (જેમ કે નામ, સરનામું, જન્મ તારીખ અથવા મોબાઈલ નંબર બદલવા) માટે રૂ.૭૫નો ખર્ચ થશે. બાયોમેટ્રિક અપડેટ્સ (જેમ કે ફિંગરપ્રિન્ટ અથવા આઈરિસ સ્કેન) માટે રૂ.૧૨૫નો ખર્ચ થશે.

નાણામંત્રાલયે ૨૩ ઓકટોનાજ આ અંગેનું જાહેરનામુ બહાર પાડયુ હતું અને નોમીની વ્યવસ્થા હયાતીમાં બદલી પણ શકાશે. આ કારણે બેન્ક ખાતેદારના મૃત્યુ બાદ તેના વારસદારો માટે નાણા મેળવવા સહિતની પ્રક્રિયા સરળ બની જશે તો આધાર અપડેટમાં બાળકોના આધાર અપડેટ કરવા માટેની રૂા.૧૨૫ની ફી રદ થઈ છે.

જો કે વયસ્કના નામ-જન્મતારીખ-મોબાઈલ નંબર બદલાવ માટે રૂા.૭૫ અને બાયોમેટ્રીક બદલાવ માટે રૂા.૧૨૫ની ફી યથાવત છે. આ ઉપરાંત ફાસ્ટટેગ માટે નવા નિયમ આજથી અમલી બની છે. જેમાં જે ગાડીઓમાં નો યોર વ્હીકલ- કેવાયવી નહી થયુ છે તે ફાસ્ટ ટેગ ડિએકટીવ થઈ જશે.

જો કે તેમાં ગ્રેસીંગ પીરીયડ આપવામાં આવશે. બીજી તરફ તમો તે જો લાઈફ પેન્શન જમા નથી કરાવ્યું તો તેમાં પેન્શન રોકાઈ શકે છે. આ ઉપરાંત ઓપન આઈએ એ લડતના વપરાશકારોને ૧ વર્ષ ચેટ જીટીપી પણ ફ્રી કર્યુ છે.

## આંધ્રપ્રદેશના વેંકટેશ્વર મંદિરમાં ભાગદોડઃ ૯ લોકોના મોત





**મુખ્ય સમાચાર, શ્રીકાકુલમ**

આંધ્રપ્રદેશના શ્રીકાકુલમમાં કાશીબુગ્ગા વેંકટેશ્વર મંદિરમાં શનિવારે એકાદશી દરમિયાન ભાગદોડ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૯ લોકોના મોત થયા હતા અને અનેક ઘાયલ થયા. શરૂઆતના અહેવાલો અનુસાર, મંદિરમાં ભારે ભીડને કારણે રેલિંગ તૂટી ગઈ હતી. ઘાયલ યાત્રાળુઓને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અધિકારીઓને આશંકા છે કે મૃત્યુઆંક વધી શકે છે. મૃતકોમાં મોટાભાગની મહિલાઓ છે.

વેંકટેશ્વર મંદિરમાં ધક્કામુક્કી થતા લોકો એકબીજા પર પડવા લાગ્યા અને અફરા-તફરી મચી ગઈ હતી. ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. મળતી માહિતી મુજબ, ભારે ભીડને કારણે રેલિંગ તૂટી ગઈ હતી, જેના કારણે ભાગદોડ મચી ગઈ હતી. ઘાયલ શ્રદ્ધાળુઓને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ વેંકટેશ્વર મંદિરમાં ભાગદોડ અને મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું. સીએમએ X પર પોસ્ટ કરતાં તેમણે લખ્યું, ''આ હૃદયદ્રાવક ઘટના શ્રીકાકુલમ જિલ્લાના વેંકટેશ્વર મંદિરમાં બની.'' તેમણે પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. મુખ્યમંત્રીએ કહ્યું કે વહીવટીતંત્રને તમામ પીડિતો અને ઘાયલોને તાત્કાલિક સહાય પૂરી પાડવાનો આદેશ આપવામાં આવ્યો છે.

અહેવાલ છે કે વેંકટેશ્વર મંદિરમાં એકાદશી પૂજા ચાલી રહી હતી અને ત્યાં મોટી ભીડ હતી. વહીવટીતંત્રે રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. ઘાયલોને નજીકની સરકારી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

## આ માસમાં ગાત્રો ધ્રુજાવતી ઠંડીની શરૂઆત થશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઠંડીએ ધીમે ધીમે પોતાની અસર દેખાડવાની શરૂઆત કરી દીધી છે અને ટૂંક સમયમાં તમારે ધાબળા-રજાઈ કાઢવાનો વારો આવી શકે છે. હવામાન વિભાગની ભવિષ્યવાણીમાં પણ આ સંભાવના વ્યક્ત કરી છે. આઈએમડીએ શુક્રવારે કહ્યું કે નવેમ્બરમાં દેશના મોટા ભાગ, જેમાં ઉત્તર-પમિ, મધ્ય અને પમિ ભારત સામેલ છે. આ દરમિયાન મેક્સિમમ ટેમ્પરેચર નોર્મલથી ઓછું રહેવાની આશંકા છે. જો કે ઉત્તર પમિના અમુક વિસ્તારને બાકાત કરતા, મોટા ભાગના મિનિમમ ટેમ્પરેચર નોર્મલથી વધારે રહેવાની આશા છે.

એક ઓનલાઈન પ્રેસ કોન્ફરન્સમાં આઈએમડીના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું કે નવેમ્બરમાં દેશના મોટા ભાગના વિસ્તારમાં મેક્સિમમ ટેમ્પરેચર નોર્મલથી વધારે રહેવાનું અનુમાન છે, પણ પમિ હિમાલયી વિસ્તાર, હિમાલયની તળેટી, ઉત્તર-પૂર્વી ભારતના મોટા ભાગના વિસ્તાર અને દક્ષિણી પ્રાયદ્વીપના અમુક ભાગમાં મેક્સિમમ ટેમ્પરેચર નોર્મલથી વધારે રહેવાની સંભાવના છે.

તેમણે કહ્યું કે, દેશના મોટા ભાગના વિસ્તારમાં મિનિમમ ટેમ્પરેચર નોર્મલથી વધારે રહેવાની સંભાવના છે, સિવાય કે ઉત્તર પમિ ભારતના અમુક વિસ્તારના, જ્યાં મિનિમમ ટેમ્પરેચર નોર્મલ અથવા નોર્મલથી ઓછું રહેવાની આશા છે. મહાપાત્રાએ કહ્યું કે, મધ્ય અને પૂર્વી ભૂમધ્યરેખીય પ્રશાંત મહાસાગરમાં નબળા લા નીનાની સ્થિતિ બનેલી છે.

મહાપાત્રાએ કહ્યું કે લા નીનાની સ્થિતિ ડિસેમ્બર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી બની રહેવાની સંભાવના છે અને જાન્યુઆરી-માર્ચ દરમિયાન ઈએનએસઓ-ન્યૂટ્રલમાં બદલાવની આશા છે. આઈએમડી પ્રમુખે કહ્યું કે દેશના મોટા ભાગના વિસ્તારમાં સામાન્યથી વધારે વરસાદ થવાની સંભાવના છે, સિવાય કે ઉત્તર-પમિ ભારત અને દક્ષિણી પ્રાયદ્વીપના અમુક વિસ્તારને બાદ કરતા, જ્યાં નવેમ્બરમાં સામાન્યથી ઓછો વરસાદ થવાની આશા છે.

આ અગાઉ, આઈએમડીએ કહ્યું હતું કે ઓક્ટોબર ડિસેમ્બર દરમિયાન મોટા ભાગના વિસ્તારમાં સામાન્યથી વધારે વરસાદ થવાની આશા છે, જ્યારે ઉત્તર પમિ ભારતના અમુક ભાગમાં સામાન્યથી ઓછો વરસાદ થઈ શકે છે.

## અરબી સમુદ્રની ડીપ્રેશન સીસ્ટમ નબળી પડી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં એકાદ સપ્તાહથી માવઠા-કમોસમી વરસાદ સર્જી રહેલી અરબી સમુદ્રની ડીપ્રેશન સીસ્ટમ નબળી પડી ગઈ છે. આવતા ચોવીસ કલાકમાં વધુ કમજોર થશે. બીજી તરફ રાજયમાં માવઠાનો વ્યાપ પણ ઘટયો હોય તેમ છેલ્લા ચોવીસ કલાકમાં ૧૪૧ તાલુકામાં હળવો-ભારે વરસાદ પડયો હતો.

હવામાન વિભાગના રિપોર્ટ પ્રમાણે પુર્વમધ્ય અરબી સમુદ્રનું ડીપ્રેશન નબળુ પડીને વેલમાર્ક લો-પ્રેસરમાં પરિવર્તિત થઈ ગયુ છે તેને આનુસાંગીક સાયકલોનિક સરકયુલેશન ૫.૮ કી.મી.ની ઉંચાઈએ છે. જે પુર્વ-ઉતરપુર્વ તરફ દક્ષિણ ગુજરાત અને લાગુ ઉતર મહારાષ્ટ્ર તરફ આગળ ધપશે અને આવતા ૨૪ કલાકમાં વધુ નબળુ થઈને લો-પ્રેસરમાં ફેરવાઈ જવાની સંભાવના છે.

આ સિવાય આંમાર કિનારા તથા લાગુ ઉતર આંદામાનમાં ૫-૮ કિમીની ઉંચાઈએ અપર એર સાયકલોનીક સરકયુલેશન છે તેના પ્રભાવ હેઠળ બંગાળની ખાડીમાં આવતા ૪૮ કલાકમાં નવુ લો-પ્રેશર ઉદભવવાની સંભાવના છે.

દરમ્યાન ગુજરાતમાં આજે ૧૪૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ સાડા-ત્રણ ઈંચ રાજુલામાં હતો. ઓકટોબર મહિનામાં રાજયમાં સરેરાશ વરસાદ ૧૦૨.૫૪ મીમી નોંધાયો છે. જયારે ચોમાસાથી અત્યારસુધીનો ૧૨૭.૫૭ ટકા થઈ ગયો છે.

## ગુજરાત ભાજપ સંગઠનની રચના માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાત ભાજપમાં નવા પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માએ ચાર્જ સંભાળ્યા બાદ હવે નવા સંગઠનની રચના માટે જિલ્લા અને મહાનગર કક્ષાએ કામગીરી હાથ ધરી છે અને પક્ષના સુત્રોના જણાવ્યા મુજબ દરેક જિલ્લા અને મહાનગરોમાં પ્રદેશના નિરીક્ષકો હવે આજથી પહોંચશે અને આગામી તા.૧૦ સુધીમાં આ પ્રક્રિયા પુરી કરવાની રહેશે જેમાં મહામંત્રી સહિતના સંગઠનોની રચનાની પ્રક્રિયા હાથ ધરાશે. રાજકોટમાં પણ આ અંગે તૈયારીઓ શરૂ થઇ ગઇ છે.

## રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં માવઠુંઃ લોધીકામાં ૨ ઈંચ વરસાદ ખાબકયો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અરબી સમુદ્રમાં સર્જાયેલા ડિપ્રેશનના કારણે રાજ્યના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. આજે વહેલી સવારથી જ રાજ્યભરમાં કમોસમી વરસાદનું જોર જોવા મળ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં જ રાજ્યના ૭૨ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ ખાબક્યો હતો. આ સાર્વત્રિક માવઠાને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. અમદાવાદ જિલ્લાના ધંધુકામાં માત્ર ૨ કલાકમાં દોઢ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત સુરેન્દ્રનગરના લીંબડી અને ચૂડા, આણંદના બોરસદ, રાણપુર, ખેડા, ભાવનગરના તળાજા તેમજ છોટા ઉદેપુરના જેતપુર પાવી અને ક્વાંટ સહિત અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો.

આજે વહેલી સવારે અમદાવાદના ધંધુકામાં ૧.૯૩ ઈંચ, રાજકોટના લોધીકામાં ૧.૬૧ ઈંચ, ભાવનગરના ઉમરાળામાં ૧.૩૪ ઈંચ, ભરૂચના જંબુસરમાં ૧.૧૮ ઈંચ, બોટાદના ગઢડામાં ૦.૯૮ ઈંચ, સુરેન્દ્રનગરના ચુડામાં ૦.૯૪ ઈંચ, બોટાદના બરવાળામાં ૦.૯૧ ઈંચ, રાજકોટ શહેરમાં ૦.૯૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત ભાવનગરના વલ્લભીપુર, સિહોર, જામનગરના કાલાવડ અને લાલપુર, પાલીતાણા, બોરસદ, અને રાણપુરમાં પર કમોસમી વરસાદ ખાબક્યો હતો. અમદાવાદ શહેરમાં પણ વહેલી સવારથી ઝરમર વરસાદ શરૂ થતાં ઓફિસ જવા નીકળેલા લોકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. શિયાળાની ઋતુ હોવા છતાં લોકોને રેઈનકોટ પહેરવાની ફરજ પડી હતી. ઉલ્લેખનીય છે કે શુક્રવારે પણ રાજ્યના ૧૪૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લાં ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ અમરેલીના રાજુલા તાલુકામાં ૩.૪૬ ઈંચ નોંધાયો હતો. આ સિવાય અમરેલીના ખાંભામાં ૭૬ મિ.મી, ભાવનગરના તળાજામાં ૬૩ મિ.મી, અમરેલીના જાફરાબાદમાં ૫૨ મિ.મી અને ભાવનગરના મહુવામાં ૪૯ મિ.મી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ મુજબ, આગામી ૨૪ કલાક દરમિયાન ભરૂચ, સુરત, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે.

## કમોસમી વરસાદને પગલે આજે ફકત સાધુ-સંતો પ્રતિકાત્મક લીલી પરિક્રમા શરૂ કરશે



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

ગિરનાર લીલી પરિક્રમાના આયોજન સંદર્ભે મહત્વપૂર્ણ જાણકારી આપતા જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું હતું કે, કમોસમી વરસાદના પગલે યાત્રિકો માટે ગિરનાર લીલી પરિક્રમા-૨૦૨૫ મોકૂફ રાખવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરએ વધુ જાણકારી આપતા જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગિરનાર લીલી પરિક્રમા માટેની સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી હતી. પરંતુ કમોસમી વરસાદના પગલે ગિરનાર લીલી પરિક્રમાના રૂટ ઉપર કાદવ કિચડ થવાની સાથે રસ્તાનું ધોવાણ પણ થયું છે. આ ઉપરાંત સીડી ભાગમાં સેવાળ થવાના લીધે, લપસી જવાની સાથે ઈજા પણ થઈ શકે છે, તેમજ અકસ્માત પણ થઈ શકે છે.

આ સ્થિતિનું આજે મહંત ઈન્દ્રભારતી બાપુ, મહેશ ગીરીબાપુ સહિતના સાધુ સંતો, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ઉતારા-અન્નક્ષેત્રના ભાવેશભાઈ વેકરીયા સહિતના પ્રતિનિધિઓ, કલેકટર સહિતના વહીવટી તંત્રના અધિકારીઓએ આજે ગિરનાર લીલી પરિક્રમાના રૂટ નિરીક્ષણ કર્યું હતું.

જિલ્લા કલેકટરએ આજે કરેલા રૂટ નિરીક્ષણનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રની લોકોની સલામતી પ્રાથમિકતા છે, ખાસ ગિરનાર લીલી પરિક્રમાના રૂટ ઉપર વરસાદના પગલે ઉપર કાદવ કિચડ સર્જાયું છે, જેથી લપસવાની સાથે ઈજા થવાની પણ સંભાવનાઓ છે.

ઉપરાંત ગંભીર અકસ્માત પણ થઈ શકે છે. સાથે જ રાહત બચાવનું કાર્ય પણ એટલું જ મુશ્કેલ ભર્યું બની જાય તેમ છે, વન્ય પ્રાણીઓનો પણ એટલો જ ખતરો રહેલો છે. તદુપરાંત સેવાભાવી સંસ્થાઓ વરસાદના પગલે અન્નક્ષેત્રો પણ શરૂ કરી શકે તેમ નથી.

આમ, દર વર્ષની જેમ આ વર્ષે ગીરનાર લીલી પરિક્રમા નહીં યોજી શકાય. તેમણે કહ્યું કે, પદાધિકારીઓ સાધુ-સંતો, અન્નક્ષેત્રના સંચાલકો અધિકારીઓ સર્વગ્રાહી મૂલ્યાંકન કર્યા બાદ સર્વ સહમતિથી ધાર્મિક આસ્થાના સંપૂર્ણ સન્માન સાથે અને ગિરનાર લીલી પરિક્રમાની પરંપરા જળવાઈ રહે તે માટે સાધુ સંતોને સાથે રાખી પ્રતિકાત્મક સ્વરૂપે ગિરનાર લીલી પરિક્રમા કરવામાં આવશે.

## પોકસો કેસમાં આરોપીની જેલ સજા રદ કરતી સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની સર્વોચ્ચ અદાલતે ફરી એક વખત પોસ્કો જેના ગંભીર અપરાધ કલમો સાથેના કેસમાં 'ન્યાય'ના હેતુને આગળ ધરી સગીર પર બળાત્કાર કેસમાં હવે પતિ-પત્ની બની સુખી લગ્ન જીવન જીવી રહેલા યુગલના જીવનમાં નવો ઝંઝાવાત સર્જવાની જરૂર નથી તેમ કહી એક વ્યક્તિની ૧૦ વર્ષની જેલ સજા રદ કરી હતી. સર્વોચ્ચ અદાલતે એ પણ નિરીક્ષણ વ્યક્ત કર્યુ કે આ ફકત એક સમયે સર્જાયેલી વાસના નહી પણ બન્ને જયારે સગીર હતા તે સમયના પ્રેમનો મામલો છે.

સુપ્રીમકોર્ટે આ ચુકાદામાં 'ન્યાય'માં સિદ્ધાંત માટે જે રીતે સર્વોચ્ચ અદાલતને બંધારણની કલમ ૧૪૨ હેઠળ જે ખાસ સતા મળી છે તેના ઉપયોગ કર્યો હતો. કોર્ટે નોંધ્યું કે પોકસો જેવા કેસમાં ફકત 'સમાધાન' થઈ ગયું છે તેજ કારણે ગંભીર ફોજદારી આરોપો પડતા મુકી શકાય નહી પણ આ કેસમાં તેનાથી પણ આગળ છે.

ભોગ બનનાર ટીનએજ હવે યુવા મહિલા બની છે અને આરોપી સાથે લગ્ન કર્યા છે અને તેઓને એક સંતાન છે. ફકત આ અપરાધ સમયે છોકરી સગીર હતી અને તેથી પોકસોનો કેસ બન્યો છે અને આરોપી છોકરાને ૧૦ વર્ષની જેલસજા થઈ હતી પણ તેઓએ રાજીખુશીથી કુટુંબની સહમતી સાથે લગ્ન કર્યા છે.

કાનુનની દ્રષ્ટીએ આરોપી દોષીત છે પણ જો કાનૂન તે 'જડ' રીતે લાગું કરાય તો તે અન્યાય બની જશે. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ દિપાંકર દતા અને ન્યાયમૂર્તિ યોગસ્ટીન જયોર્જ મસીહની ખંડપીઠે કહ્યું કે અમો એ માનવા મજબૂર છીએ કે 'ન્યાય' માટે કાનૂને પણ ઝૂકવું જોઈએ.

આ કેસની સુનાવણી સમયે 'પત્ની' એ કહ્યું કે તે તેના પતિ (આ કેસના આરોપી) અને બાળક સાથે ખુશ છે અને તેઓ સામાન્ય-સુખી જીંદગી જીવી રહ્યા છે. સુપ્રીમકોર્ટે સમક્ષ તે મુદો પણ હતો કે અપરાધ ગંભીર છે અને તેમાં ફકત સમાધાનની ભૂમિકાના આધારે જ કાર્યવાહી રદ થવી જોઈએ નહી પણ પત્નીની કરૂણા, સહાનુભૂતિની માંગને નજર અંદાજ કરવાથી ન્યાય કરી શકાશે નહી.

કોર્ટે સ્વીકાર્યુ કે છોકરાને જેલમાં રાખવાથી તેના પરિવાર-પિડિત અને તેના પુત્રને વ્યાપક સહન કરવું પડશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ખાસ કેસમાં જયાં બધુ સાબીત થતું હોય તેવા ગંભીર અપરાધોમાં દયામણું અને ન્યાય પણ મહત્વના બની જાય છે તથા માલ સંજોગો અને પરીસ્થિતિને જોઈને વ્યવહારીક-સહાનુભૂતિ ને જોડીને એક વ્યવહારુ દ્રષ્ટિકોણ અપનાવવો જરૂરી છે.

ઉપરાંત આ અપરાધમાં વાસના નહી પ્રેમનું પરિણામ છે અને પીડિતે ખુદે શાંતિપૂર્ણ-સ્થિર પારિવારિક જીવન જીવવાની ઈચ્છા દર્શાવી છે જે તેના પતિ પર નિર્ભર છે તે નથી ઈચ્છતી કે પતિના માથા પર અપરાધીનો દાગ લાગે.

# ચણિયા ટોળીએ ૧૦ દિવસમાં ૧૫ કરોડથી વધુનો બોક્સ ઓફિસ વકરો કરી ઐતિહાસિક ધમાકો કર્યો!






**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આનંદ પંડિત મોશન પિક્ચર્સ અને જન્નોક ફિલ્મ્સ દ્વારા નિર્મિત ગુજરાતી ફિલ્મ ચણિયા ટોળી એ માત્ર ૧૦ દિવસમાં ૧૫ કરોડથી વધુનો બિઝનેસ કરીને ધમાકેદાર ઈતિહાસ રચ્યો છે!

દિગ્દર્શન જય બોડાસ અને પાર્થ ત્રિવેદી દ્વારા અને નિર્માણ આનંદ પંડિત અને વૈશલ શાહ દ્વારા કરવામાં આવ્યું છે.

દિવાળી વેકેશન દરમિયાન ૧૨૦૦થી વધુ સ્ક્રીન્સ પર રિલીઝ થયેલી આ ફિલ્મે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં નવા રેકોર્ડ સ્થાપ્યા છે. વિદેશમાં પણ ચણિયા ટોળી ફિલ્મને પ્રેક્ષકોનો ખૂબજ અદ્ભભૂત પ્રતિસાદ મળ્યો છે. ભારતના વિવિધ શહેરોઓમાં (પૂણે, બેંગ્લોર, દિલ્લી, ઈંદૌર, જયપુર, રાયપુર, ગુરુગ્રામ, હૈદરાબાદ) આજે -૩૧ તારીખે રિલીસ થઈ ગઈ છે. પ્રેક્ષકોએ આ ફિલ્મને ખૂબ પ્રેમ થી વધાવી છે.

પોપટ બોલે ગીતની ચાર્ટબસ્ટર સફળતાએ સંગીત અને ફિલ્મ ઉદ્યોગમાં ધમાકો મચાવ્યો છે. તેની સંક્રમક ધૂન, જીવંત દૃશ્યો અને ભાવસભર શબ્દો સાથે આ ગીત એક સાંસ્કૃતિક બની ગયું છે, જે ગરબા મેદાનો, કોલેજ કેમ્પસ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ગૂંજાઈ રહ્યું છે.


**ફિલ્મની વાર્તા :** ચણિયા ટોળી એક સામાન્ય શિક્ષકની કહાની છે, જે યશ સોની દ્વારા અભિનયિત છે. તે એક એવા ગામમાં પહોંચે છે જ્યાં ભ્રષ્ટાચાર અને જમીન ચોરીના કારણે લોકો દુઃખી છે. તે એક અનોખી યોજના બનાવે છેસિસ્ટમને જ ચકમો આપી તેને લૂંટવાનો! માત્ર સાત મહિલાઓ( ચણિયા) અને એક વૃદ્ધ (થોતીયું) સાથે, તે આ સાહસિક બૅંકમાં ચોરીની યોજના બનાવી છે. યશ સોનીનો પાત્ર હાસ્ય, હિંમત અને ભાવનાથી ભરપૂર છે.

મુખ્ય કલાકારો યશ સોની, રાગી જાની, નેત્રી ત્રિવેદી, હીના વર્દે, ચેતન દૈયા, સોહની ભટ્ટ, જસ્સી ગઢવી, કલ્પના ગગડેકર, નિકિતા શર્મા, શિલ્પા ઠાકર વગેરે કલાકારોએ પોતાના અભિનયન ના જાદુ થી શ્રોતાઓને ખૂબ આનંદ આપ્યો.

# ગીર ગઢડા પંથકમાં કમોસમી વરસાદથી પાક નુકસાન થતા ભાજપ પ્રમુખે ખેડૂતોને સહાય મળેતે માટે મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી

### અધિકારીઓ ખેતરોમાં સર્વે કરતા ખેડૂતો નારાજઃ ગ્રામ પંચાયતે પત્ર પાઠવી રજૂઆત કરીઃ ગીર ગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા ખેડૂતોના હિત માટે આગળ આવ્યા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ગીર ગઢડા તાલુકામાં ભારે વરસાદ થયેલ છે, જે વરસાદ થી થયેલ નુકશાન નું સર્વે ગુજરાત સરકાર શ્રી ના મંત્રી શ્રીઓ દ્વારા નિરીક્ષણ કરેલ છે, અને છેલ્લા ૨ મહિના (સપ્ટેમ્બર અને ઓક્ટોમ્બર) માં સતત શરુ વરસાદ થી તમામ ખેડુતો ને ખરીફ અને રોકડીયા પાક સડી અને ઉગી જવાથી ખુબ મોટુ નુકશાન થયેલ છે, અને ખરાબ થયેલ પાક મગફળી ખુબ . ખુબ ઓછા ભાવ (આશરે ૫૦૦ થી ૬૦૦ માં ૨૦ કિલો (પ્રતિ ૧ મણ) મગફળી વેચવામાં આવેલ છે, જે મગફળી સંગ્રહ કરવું પણ શક્ય નથી), અને પશુઓના ઘાસ ચારો જેમકે ( મગફળી નો પાલો - નીરણ ) સંપુર્ણ નાશ પામેલ છે, ખેડુતોને આર્થીક ખુબ મોટુ નુકશાન થયેલ છે, જેથી કરીને એકંદરે તમામ ખેડુતો ને ખુબ મોટા પ્રમાણમાં નુકશાન થયેલ છે, આ તમામ બાબતો ને ધ્યાન માં લઈ તમામ ખેડુતોનો સમાવેશ કરી અને ગીર ગઢડા તાલુકા વિસ્તારના તમામ ખેડુતોને થયેલ નુકશાનીના વળતર માટે આર્થીક સહાય પેકેજ જાહેર કરવામાં આવે એવી મારી ખેડુતહિત માં લાગણીસહ રજુઆત છે. કામગીરી શરુ કરેલ છે, જેમાં હાલ સ્થળ ઉપર નુકશાન થયેલ પાક છે તેમનો જ માત્ર સર્વે કરવમાં આવે છે, પરંતુ મારી ઉપરોક્ત રજુઆત મુજબ તમામ ખેડુતોને થયેલ મોટા નુકશાન બાબતે તમામ ખેડુતો ને સહાય ચુકવવી ખુબ જરુરી હોય, જેથી તમામ ખેડુતહિત ને ધ્યાનમાં લઈ અને નિર્ણય કરવો ખુબ જરુરી છે.

# મોરબી વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ દ્વારા રક્તદાન શિબિર અને લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી અને હળવદમાં વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળના સંયુક્ત ઉપક્રમે હુતાત્મા કારસેવકોની યાદમાં રક્તદાન શિબિર અને લોકાર્પણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાન સાથે સાથે, જનસેવા અને સ્વરૂચીભોજન દ્વારા સમાજજાગૃતિનો સંદેશ આપવામાં આવશે.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ મોરબી પ્રખંડ તેમજ મોરબી ગ્રામ્ય દ્વારા સંયુક્ત ઉપક્રમે તા. ૨ નવેમ્બર ૨૦૨૫ રવિવારના રોજ સંસ્કારધામ બ્લડ બેંક, જી.આઈ.ડી.સી. મેઈન રોડ, મોરબી ખાતે સવારે ૯ વાગ્યાથી બપોરે ૧.૩૦ વાગ્યા સુધી ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત, હળવદ પ્રખંડ દ્વારા પણ તા. ૧ નવેમ્બર ૨૦૨૫ શનિવારના રોજ લુહાણા મહાજન વાડી ખાતે સવારે ૯ થી બપોરે ૧.૩૦ દરમિયાન રક્તદાન શિબિર તથા જાહેર જનતાની સેવા માટે એમ્બ્યુલન્સ લોકાર્પણ સમારંભ યોજાશે. આ કાર્યક્રમ બાદ બપોરે ૧૨.૩૦ કલાકે સ્વરૂચીભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા જણાવાયું છે કે આ રક્તદાન શિબિર શ્રી રામજન્મભૂમિ મુક્તિ આંદોલન દરમિયાન કારસેવકો પર થયેલ ગોળીબાર અને બલિદાન આપનાર હુતાત્માઓની સ્મૃતિમાં આયોજિત કરવામાં આવી છે. આ કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રપ્રેમ, સમાજસેવા અને માનવતાના મૂલ્યોને ઉજાગર કરવામાં આવશે. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા સમગ્ર મોરબી તથા હળવદ તાલુકાના હિન્દુ સમાજ, યુવાનો અને સેવાભાવી નાગરિકોને રક્તદાન કરી અને કાર્યક્રમમાં સહભાગી થવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મોરબીમાં નાળિયાના કારખાનાની ઓરડીમાં ૧૬ વર્ષીય સગીરાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લીલાપર રોડ પર પાજરાપોળની સામે આવેલા ન્યુ વરીયા પ્રજાપતી નાળિયાના કારખાનાની ઓરડીમાં ૧૬ વર્ષીય સગીરાએ અજાણ્યા કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા જે અંગે મોરબી સીટી એ ડીવીઝન પોલીસ દ્વારા અ.મોતની નોંધ કરી છે.



મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા અ.મોતની નોંધ મુજબ, મરણજનાર સંજનાબેન જીતેશભાઇ પ્રભુભાઇ સીતાપરા ઉવ.૧૬ વર્ષ ૧૧ માસ વાળીએ લીલાપર રોડ પાજરાપોળની સામે આવેલા ન્યુ વરીયા પ્રજાપતી નાળિયાના કારખાનામાં ગઈકાલ તા.૩૧/૧૦ના રોજ સવારના સમયે તેણીએ અગમ્ય કારણોસર કારખાનાની ઓરડીમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા યુવતીને તાત્કાલિક મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી સંજનાબેનને મૃત જાહેર કરવામાં આવી હતી. હાલ પોલીસે મૃત્યુની નોંધ કરી તપાસની તજવીજ શરૂ કરી છે.

# લાલપુરના સિંગચ ગામના મકાનમાં ચાલતા જુગારધામ પર એલસીબીનો દરોડોઃ ૧૨ જુગારીઓ પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**



જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના સીંગજ ગામમાં રહેતા એક ખેડૂતના રહેણાંક મકાનમાં જુગારધામ ચાલી રહ્યું હોવાની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડ્યો હતો, અને મકાન માલિક સહિત ૧૨ જુગારીઓને રંગે હાથ ઝડપી લઇ તેઓ પાસેથી રૂપિયા પોણા ચાર લાખની માલમતા કબજે કરી છે.જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે લાલપુર તાલુકાના સીંગચ ગામમાં નવી સોસાયટીમાં રહેતા ઈશ્વરસિંહ સદુભાવવાઢેર નામના એક ખેડૂતના રહેણાક મકાનમાં જુગારધામ ચાલી રહ્યું છે, અને જામનગર જિલ્લામાંથી તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી કેટલાક જુગારીઓ જુગાર રમવા માટે આવ્યા છે, જે બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન મકાન માલિક સહિત ૧૨ જુગારીઓ ગંજીપાના વડે હારજીતનો જુગાર રમતા પકડાયા હતા.એલસીબીની ટુકડીએ મકાન માલિક ઈશ્વરસિંહ સદુભા વાઢેર ઉપરાંત ઉંમર અહમદભાઈ ભાયા, આમીન આદમભાઈ, વિજય આલાભાઇ માતંગ, આદમ ભાઈ હુસેનભાઇ શુંભણીયા, નારુભાઈ સામતભાઈ કારિયા, હુસેન ઈબ્રાહીમભાઇ મુન્દ્રા, જાવેદ મહમદ ચમડિયા, અબ્દુલ સુલેમાન ભાઈ ભાયા, અફરોજ સુલેમાનભાઈ ભટ્ટી તેમજ મનોજ કાંતિભાઈ દાવદ્રાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧,૧૭,૨૦૦ ની રોકડ રકમ ૧૨ નંગ મોબાઈલ ફોન તેમજ પાંચ નંગ મોટરસાયકલ વગેરે સહિત કુલ રૂપિયા ૩,૮૭,૮૦૦ ની માલમતા કબજે કરી છે.

# જામનગરમાં કથા સાંભળવા ગયેલી છ મહિલાઓના સોનાના ચેનની ચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કથા સાંભળવા ગયેલી છ મહિલાઓના સોનાના ચેનની ચોરી.જામનગરના શરૂ સેકશન રોડ આવાસની સામે પટેલ વાડી ખાતે કથા સાંભળવા ગયેલી છ મહિલાઓના કિંમતી સોનાના ચેન કોઇ અજાણી મહિલાઓ દ્વારા શેરવીને ચોરી કરવામાં આવતા ભારે દોડધામ મચી ગઇ હતી અને મામલો પોલીસમાં લઇ જવામાં આવ્યો છે, છ મહિલાના આશરે ૧૨.૫ તોલા વજનના અને અંદાજે ૪.૪૫ લાખની કિંમતના સોનાના ચેન પેડલ સહિત લઇ લેવામાં આવ્યા છે આ અંગેની ફરીયાદના આધારે પોલીસે સીસી કેમેરા ચેક કરવા સહિતની તપાસ લંબાવી છે.જામનગરના સાંઢીયાપુલ પાસે આવેલ માધવબાગ-૧ શેરી નં. ૫માં રહેતા ડાહીબેન રતીલાલ ડાભી ઉ.વ.૩૫ નામના મહિલાએ ગઇકાલે સીટી-બી ડીવીઝનમાં અજાણી મહિલાઓ વિરુધ્ધ સોનાના ચેન ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવી છે જેના આધારે પોલીસ દ્વારા તપાસ લંબાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કથા સ્થળે ગીર્દીનો લાભ લઇને ચોર મહીલાઓ દ્વારા કુલ છ.મહિલાઓના સોનાના ચેન ચોરી થયાનું ફરીયાદમાં જણાવાયુ છે.

આ અંગેની વિગત મુજબ ફરીયાદી ડાહીબેન ડાભી શહેરના શરૂ સેકશન રોડ પર સરલાબેન આવાસની સામે આવેલ પટેલ વાડી ખાતે કથા સાંભળવા માટે ગયા હતા. ત્યાં કથા પુરી થતા પ્રસાદ લેવા જતા વધુ ભીડ થઇ જતા અહીં કથામાં આવેલ કોઇ અજાણી મહિલા ચોરે ભીડનો ગેરલાભ લઇને નજર ચુકવી ફરીયાદીનો આશરે દોઢ તોલાનો ૬૦ હજારની કિંમતનો સોનાનો ચેઇન શેરવી લીધો હતો.આ ઉપરાંત સાહેદ વાસંતીબેન મનોજભાઇ નંદાનો એક તોલુ ૮ ગ્રામ ૫૦ હજારની કિંમતનો સોનાનો ચેન, પ્રતીક્ષાબેન પરેશભાઇ ઘુંચલાનો પેડલ સહિતનો આશરે ૩ તોલાનો સોનાનો ચેન જેની કિ. દોઢ લાખ તથા જયાબેન દયાશંકરભાઇ રવિયાનો ૩ તોલા ૫ ગ્રામ પેડલ સહિતનો આશરે ૧.૨૦ લાખની કિંમતનો ચેન, દશરથબા રવિસિંહ જાદવનો દોઢ તોલાનો ૩૫ હજારની કિંમતનો સોનાનો ચેન, રક્ષાબેન પ્રકાશચંદ્ર તાળાવાળાનો સવાતોલાનો સોનાનો ચેનનો ટુકડો, આમ કુલ ૬ મહિલાઓના સોનાના ચેન, બે પેડલ સહિત આશરે ૧૨.૫ તોલા જેની કુલ ૪.૪૫ લાખની કોઇ અજાણી મહિલા ચોરી કરીને લઇ ગઇ હતી.આ અંગેની વિગતો સામે આવતા ફરીયાદ નોંધાવવામાં આવી છે, જેના આધારે સીટી-બી પીઆઇ ઝાની સુચનાથી પીએસઆઇ એમ.વી. મોઢવાડીયા દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે. પોલીસ દ્વારા આરોપી મહિલાનુ પગેરૂ દબાવવામાં આવ્યુ છે અને સ્થળ પરના સીસી ફુટેજ ચેક કરવામાં આવ્યા હતા.

બીજી બાજુ સુત્રોમાંથી એવી વિગતો જાણવા મળી છે કે, કથા સ્થળે ભીડનો લાભ લઇને મહિલાઓ દ્વારા કથા સાંભળવા આવેલી સેવાભાવી મહિલાઓના સોનાના ચેન શેરવી લેવામાં આવતા ભારે ચકચાર મચી ગઇ હતી, એક ચોર મહિલા ચેન અન્ય મહિલાનો શેરવતી વેળાએ જાણ થઇ જતા દેકારો બોલી ગયો હતો અને હાથાપાઇ પણ થઇ હતી, દરમ્યાનમાં પોલીસને બોલાવવામાં આવી હતી જે બાબતે વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

# મોરબી મનપા દ્વારા શહેરને લાઈટોથી ઝગમગતું બનાવવાની ઉમદા કામગીરી

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર નવી લાઈટો નાખવાની તથા સરદાર પટેલ જયંતિ નિમિત્તે સરદાર પટેલ ચોક ખાતે વિશેષ લાઈટિંગની કામગીરી પૂર્ણ તબક્કે. મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા શહેરને વધુ પ્રકાશિત અને આધુનિક બનાવવા સતત પ્રયાસો ચાલી રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં જ્યાં અત્યાર સુધી રસ્તા લાઈટો ન હતી, ત્યાં ડિવાઈડર પર નવા પોલ નાખી લાઈટો લગાવવાની કામગીરી તબક્કાવાર શરૂ કરવામાં આવી છે. હાલમાં પંચાસર રોડ પર લાઈટોની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને હવે વાવડી રોડથી બાયપાસ વાવડી ચોકડી- શનાળા - ઘૂંનડા રોડ સુધીની લાઈટિંગ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ માર્ગો પર પોલ સ્થાપિત કરી આધુનિક લાઈટો લગાડવામાં આવશે, જેથી વાહનચાલકો અને પદયાત્રીઓ માટે રાત્રે સુરક્ષિત અવરજવર શક્ય બને. તે ઉપરાંત, સરદાર પટેલ જયંતિ નિમિત્તે મોરબી શહેર હદમાં આવેલ સરદાર પટેલ ચોક ખાતે પ્રતિમાને વિશેષ લાઈટિંગ વડે ઝગમગતું બનાવવા ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા વિશેષ આયોજન હાથ ધરાયું છે. આ પ્રકાશ વ્યવસ્થાએ પ્રતિમાને નવું સૌંદર્ય અને આકર્ષણ આપ્યું હતું.

# જામનગરના ગુરુદ્વારામાં ગુરુનાનક દેવજીની ૫૫૬મી જન્મજયંતીની ચતુર્દિવસિય ઉજવણી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ગુરુદ્વારા શ્રી ગુરુ સિંઘ સભામાં ગુરુનાનક દેવજીની ૫૫૬ મી જન્મ જયંતીની ભારે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. ગુરુદ્વારા ગુરુ સિંઘ સભા સ્થળેથી પ્રભાત ફેરી સવારે ૫-૪૫ વાગ્યે નીકળશે, અને અલગ અલગ ૪ દિવસ સુધી શહેરના ચાર મુખ્ય માર્ગ ઉપરથી પસાર થશે. જેના પ્રારંભે ગઈકાલે સવારે ગુરુદ્વારાથી સાત રસ્તા અને ત્યાંથી ક્રિકેટ બંગલા થઈ નગર ભ્રમણ કરીને ગુરુદ્વારામાં પરત ફરી હતી. ત્યારપછી.ગુરુદ્વારાથી અંબર ચોકડી, ઝુલેલાલ મંદિર, બેડીગેટ, ટાઉનહોલ, લીમડાલાઈનથી ગુરુદ્વારામાં પરત ફરી હત. ભીડભંજન મંદિર, લાખોટા તળાવ, જુની આરટીઓ કચેરી, ન્યુ એસટી સ્ટેન્ડ, ક્રિકેટ બંગાલ થઈ પરત ગુરુદ્વારામાં પહોંચશે, જ્યારે તા. ૨-૧૧-૨૦૨૫ ના દાંડિયા હનુમાન મંદિર, ડોમિનોઝ પિઝા જોગર્સ પાર્ક, વિરલ બાગ, ડી.કે.વી. સર્કલથી પરત ગુરુદ્વારા સુધી પહોંચશે. આ ઉપરાંત ગુરુદ્વારામાં સેહજ પાઠ સાહેબનો આરંભ કરવામાં આવ્યો છે, જ્યારે સેહજ પાઠ સાહબેની પુર્ણાહૂતિ થશે, તે પછી શબ્દ કીર્તનનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યારે કાર્યક્રમની સંપૂર્ણ સમાપ્તિ બપોરે ૨ વાગ્યે રાખવામાં આવી છે. તે પછી ગુરુ કા લંગરનું આયોજન રાખવામાં આવ્યું છે.

# જામનગરના ૧૫ આસામીના ખોવાયેલા મોબાઈલ શોધીને પરત આપતી પોલીસ


**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના ગ્રામ્ય પંથકમાં વસવાટ કરતા ૧૫ આસામીના ૧૫ મોબાઈલ જુદા જુદા સમયે ગુમ થઈ ગયા હતા. તે મોબાઈલની શોધખોળમાં પોલીસે બે મોબાઈલ બિહાર તથા બે મોબાઈલ ઉત્તરપ્રદેશમાંથી શોધી કાઢવા ઉપરાંત તમામ ૧૫ ફોન તેના મૂળ માલિકોને પરત મળે તે માટેની સફળ કાર્યવાહી કરી છે.જામનગરના દરેડ સહિતના જુદા જુદા ગામોમાં વસવાટ કરતા ૧૫ આસામીએ પોતાના મોબાઈલ ખોવાઈ ગયાની પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. તે મોબાઈલ શોધી કાઢવા માટે પંચકોશી બી ડિવિઝનના પીઆઈ વી.જે. રાઠોડ તથા સ્ટાફ દ્વારા સીઈઆઈઆર પોર્ટલના આધારે ચકાસણી કરાઈ રહી હતી. તે દરમિયાન આ ૧૫ આસામીના વીવો, સેમસંગ, રીયલમી, વન પ્લસ, ઓપો તેમજ એપલ કંપનીના કુલ ૧૫ મોબાઈલ જુદી જુદી જગ્યાએથી શોધી કાઢવામાં આવ્યા છે. જેમાં બે મોબાઈલ ઉત્તરપ્રદેશ તથા બે મોબાઈલ બિહાર રાજ્ય સુધી પહોંચી ગયા હતા. તે તમામ મોબાઈલ હસ્તગત કરી કુલ રૂ.૨,૭૧,૦૯૫ની કિંમતના આ ફોન તેમના મૂળ માલિકોને પોલીસે પરત સોંપ્યા છે.

# મોરબીમાં એકતા દિવસે રન ફોર યુનિટી યોજાઈ

### ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા સહિતના મહાનુભાવોએ જોડાઈ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ પાઠવી




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી - એકતા દિવસની ઉજવણી અંતર્ગત મોરબીમાં રન ફોર યુનિટી (દોડ) યોજાઇ હતી. જેમાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા સહિતના પદાધિકારીઓ તથા જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. એકતા દિવસની રાષ્ટ્ર વ્યાપી ઉજવણીની સાથે ગુજરાત રાજ્યમાં પણ અનેકવિધ આયોજનો કરવામાં આવ્યા છે, જેના ભાગરૂપે ૩૧ ઓક્ટોબર, એકતા દિવસે સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ પાઠવવા મોરબીમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડથી સરદાર પટેલના સ્ટેચ્યુ, નવા બસ સ્ટેન્ડ સુધી રન ફોર યુનિટી (દોડ) યોજાઈ હતી. મહાનુભાવોએ લીલી જંડી બતાવી આ રન ફોર યુનિટીને પ્રસ્થાન કરાવી હતી. ઉપસ્થિત સૌએ એકતા શપથ ગ્રહણ કરી સરદાર પટેલને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ દોડમાં મોરબી મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપિનલ ખરે, જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, ઇન્ચાર્જ જીલ્લા વિકાસ અધિકારી અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નવલદાન ગઢવી, નાયબ વન સંરક્ષક ડો.સુનિલ બેરવાલ, ઇન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટર અને નાયબ કલેક્ટર ઉમંગ પટેલ, અગ્રણી જયંતીભાઈ રાજકોટિયા સહિત પદાધિકારીઓ તથા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ, પોલીસના જવાનો, ડીએલએસએસના રમતવીરો તથા નગરજનો જોડાયા હતા.

# મોરબી મનપા દ્વારા શહેરના ખાલી સ્પોટ પર "પોકેટ ગાર્ડન" બનાવવામાં આવશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા શહેરના કચરાવાળા સ્થળોને લીલુછ્મ પોકેટ ગાર્ડનમાં ફેરવવાની પહેલ, શહેરના સૌંદર્યમાં વધારો સાથે નાગરિકોમાં સ્વચ્છતાનો સંદેશ ફેલાવવાનો પ્રયાસ કરવામાં મહત્વનો ફાળો આપશે.

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા શહેરને લીલુંછ્મ અને સુંદર બનાવવા સતત પ્રયત્નશીલ રહી છે. હવે શાખા દ્વારા એક નવી પહેલ તરીકે એવા વિસ્તારો, જ્યાં લોકો કચરો ફેંકતા હોય અથવા ગંદકી કરતા હોય, તેવા સ્થળોને સ્વચ્છ બનાવી ત્યાં "પોકેટ ગાર્ડન" એટલે કે નાનકડા ગાર્ડન તરીકે વિકસાવવાની યોજના શરૂ કરવામાં આવી છે. આ પોકેટ ગાર્ડન શહેરના માર્ગો અને જાહેર વિસ્તારોના બ્યુટીફિકેશનમાં મહત્વપૂર્ણ ફાળો આપશે. શરૂઆતમાં એલ.ઈ. કોલેજ રોડ, સર્કિટ હાઉસ રોડ, સૂરજબાગ પાસેના જીવીપી પોઇન્ટ સહિતના વિસ્તારોમાં આ પ્રકારના નાના ગાર્ડન વિકસાવવામાં આવશે. આવા ગાર્ડન માત્ર શહેરને સુંદર બનાવશે જ નહીં પરંતુ નાગરિકોમાં સ્વચ્છતા અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ પણ વધારશે. વધુમાં, ગાર્ડન શાખા દ્વારા લીલાપર ખાતે આવેલા મોહન બાગનું લે-આઉટ તૈયાર કરવામાં આવ્યું છે, અને નજીકના ભવિષ્યમાં ત્યાં એક સંપૂર્ણ ગાર્ડન વિકસાવવામાં આવશે. આ ગાર્ડન લીલાપરની જનતા માટે ફરવાલાયક અને આરામદાયક સ્થળ તરીકે ઉપયોગી સાબિત થશે.

# મોરબી-ટંકારા હાઈવે પર બાર નાળા પરથી સગીર યુવકે નદીમાં ઝંપલાવ્યું

### મોરબી ફાયર વિભાગે ચાર કલાકની જહેમત બાદ મૃતદેહ શોધી બહાર કાઢ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી-ટંકારા હાઈવે પર આવેલા બાર નાળા પરથી ૧૭ વર્ષીય યુવકે નદીમાં ઝંપલાવતાં ચકચાર મચી હતી. મોરબી ફાયર વિભાગે ચાર કલાકની શોધખોળ બાદ મૃતદેહને બહાર કાઢ્યો અને સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો.

મોરબી-ટંકારા હાઈવે પર આવેલ બાર નાળા નજીક એક દુઃખદ બનાવ બન્યો છે. જેની મળતી માહિતી મુજબ, એક અજાણ્યા વ્યક્તિએ પોતાનું મોટર સાઈકલ રોડ પર મૂકીને નદીમાં છલાંગ લગાવી દીધી હતી. બનાવની જાણ થતાં મોરબી ફાયર વિભાગ અને ટંકારા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગના કંટ્રોલ રૂમમાં આ બનાવ અંગેનો કોલ સાંજે ૬.૩૫ કલાકે પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ મોરબી મહાનગરપાલિકાની રેસ્ક્યૂ ટીમ દ્વારા તાત્કાલિક શોધખોળ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. લગભગ ચાર કલાકની શોધખોળ બાદ રાત્રે ૧૦.૧૫ કલાકે નદીમાંથી એક યુવકનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ બંસીભાઈ પ્રવીણભાઈ કટારીયા (ઉંમર ૧૭ વર્ષ) તરીકે કરવામાં આવી છે. મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બનાવને લઈને ટંકારા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

# મોરબીના વાવડી રોડ ઉપરથી ઈંગ્લીશ દારૂની બે બોટલ સાથે યુવક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના વાવડી રોડ ઉપર શ્રીજી પાર્ક સોસાયટીના નાકા પાસે શંકાસ્પદ હાલતમાં નીકળેલ યુવકને સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા રોકી તેની અંગઝડતી લેતા, યુવકના પેન્ટના નેફામાંથી ઈંગ્લીશ દારૂ રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૨ બોટલ કિ.રૂ.૧,૩૭૨/- મળી આવતા, પોલીસે આરોપી દશરથસિંહ ઉર્ફે દશુભા વનરાજસિંહ ઝાલા ઉવ.૨૩ રહે. માધાપર શેરી નં.૨૨ મોરબી વાળાની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# અંત્યોદય (AAY) અને NFSA લાભાર્થીઓ આવશ્યક ચીજ વસ્તુઓના લાભથી વંચિત ન રહે તે માટે વિતરણ ૧ નવેમ્બરથી શરૂ થશે

## નવેમ્બર-૨૦૨૫ માસ માટે આગોતરા આયોજનનાં ભાગરૂપે ૭૫ લાખથી વધુ કુટુંબોની ૩.૨૫ કરોડ જેટલી જનસંખ્યાને આવશ્યક ચીજવસ્તુઓની ફાળવણી કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મિશનથી પ્રેરિત થઈને ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રીભુપેન્દ્રભાઈ પટેલની સરકારનાં માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત હાલ રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા હેઠળ નોંધાયેલ રેશનકાર્ડ લાભાર્થીઓ આવશ્યક ચીજવસ્તુઓનો લાભ મેળવી રહ્યા છે. જે અંતર્ગત ઘઉં તથા ચોખાનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવે છે. રેશનકાર્ડ લાભાર્થીને પ્રોટીનસભર ગુણવત્તાયુક્ત આવશ્યક ચીજવસ્તુનો લાભ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. આ યોજના અન્વયે તુવેર દાળ, ચણા , ખાંડ અને મીઠા જેવી આવશ્યક ચીજવસ્તુઓનો રાહતદરે નિયમિતપણે રેશનકાર્ડધારકો લાભ મેળવે છે.

રાજ્ય સરકારની યોજના હેઠળ તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠા સાથે જન્માષ્ટમી અને દિવાળીનાં તહેવાર દરમિયાન સીંગતેલ તથા વધારાની ખાંડનું વિતરણ રાહત દરે કરવામાં આવે છે. જે સમગ્ર ભારત દેશમાં ફક્ત ગુજરાત રાજ્યમાં જ કરવામાં આવે છે.

નવેમ્બર-૨૦૨૫ માસ માટે આગોતરા આયોજનનાં ભાગરૂપે ૭૫ લાખથી વધુ કુટુંબોની ૩.૨૫ કરોડ જેટલી જનસંખ્યાને આવશ્યક ચીજવસ્તુઓની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ઘઉં તથા ચોખાનું વિનામુલ્યે વિતરણ તથા રાજ્ય સરકારની યોજના હેઠળ રાહત દરે વિતરણ કરવામાં આવતી આવશ્યક ચીજ વસ્તુ જેમ કે તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના ચલણમાં નોંધપાત્ર માત્રામાં વધારો થયેલ છે તથા તેના નાણાની ભરપાઈ પણ થયેલ છે. તેમજ બાકી રહેતા વાજબી ભાવના દુકાનદારો દ્વારા ચલણની પ્રક્રિયા પણ પ્રગતિ હેઠળ છે. જે અંતર્ગત અંત્યોદય (AAY) અને PHH એટલે કે NFSA લાભાર્થી આવશ્યક ચીજવસ્તુઓનાં લાભથી વંચિત ન રહે તે બાબતે અનુરોધ કરવામાં આવે છે. જે અંતર્ગત વિતરણ ૧ નવેમ્બરથી શરૂ થશે.

વાજબી ભાવના દુકાનદારોની પોષણક્ષમતા જળવાઈ રહે તે બાબતે તેઓ દ્વારા અનાજનાં જથ્થાનાં વિતરણ સંદર્ભે વિવિધ કમિશન ઉપરાંત તફાવતની ઘટતી રકમનાં ભાગરૂપે રૂ.૨૦,૦૦૦ વાજબી ભાવની દુકાનનાં સંચાલકનાં બેંકખાતામાં નિયમિત પણે દર માસે ચુકવવામાં આવે છે. આ રૂ.૨૦,૦૦૦ કમિશનની તફાવતની રકમનો સમગ્ર ખર્ચ રાજય સરકાર દ્વારા ભોગવવામાં આવે છે. સમગ્ર ભારત દેશમાં ફક્ત ગુજરાત રાજયમાં જ મિનિમમ રૂ.૨૦,૦૦૦ કમિશનની રકમ વાજબી ભાવના દુકાનદારોને ચુકવવામાં આવે છે. કમિશનની તમામ વિગતો વાજબી ભાવની દુકાનદારનાં લોગ ઈનમાં e-pass-bookમાં ઉપલબ્ધ છે.

વાજબી ભાવની દુકાનદાર દ્વારા જે પડતર પ્રશ્નોની રજુઆત કરવામાં આવે છે તે બાબતે એસોસિએશનનાં પ્રતિનિધિ સાથે સમયાંતરે બેઠક યોજવામાં આવે છે. તાજેતરમાં એસોસિએશન દ્વારા જે માંગણીઓ રજુ કરવામાં આવેલ છે. તે પૈકી ઘણી માંગણીઓ નીતિવિષયક છે. જે રાજય સરકારનાં વિચારણા હેઠળ છે. અનાજનાં જથ્થાનાં વિતરણથી અળગા રહેવા બાબત આવશ્યક ચીજ વસ્તુઓના લાભથી રેશનકાર્ડધારકોને વંચિત રાખવા બાબતે એસોસિએશનનાં પ્રતિનિધિ સાથે મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

વન નેશન વન રેશનકાર્ડ યોજના અંતર્ગત કોઈપણ લાભાર્થી પોતાની પસંદગી મુજબ સમગ્ર રાજયમાં તથા સમગ્ર દેશમાં પોતાની બાયોમેટ્રિક ઓળખ પ્રસ્થાપિત કરીને અનાજનાં જથ્થાનો લાભ મેળવી શકે છે. આ યોજનાની અમલવારી શરૂ થયેથી કુલ ૧ કરોડથી વધુ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે. જે બાબતે સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્ય અગ્રેસર રહ્યું છે.

તાજેતરમાં વાજબી ભાવની દુકાન ખાતે ડોર સ્ટેપ ડિલિવરીનાં માધ્યમથી આવશ્યક ચીજવસ્તુનો જથ્થો પહોંચે તે બાબતે મંત્રીની સુચના અનુસાર ગ્રામ્ય તકેદારી સમિતિ અથવા શહેરી તકેદારી સમિતિનાં સભ્યોનાં બાયોમેટ્રિક વેરિફિકેશન બાબતે ૮૦% સભ્યોના બાયોમેટ્રિક વેરિફિકેશનથી કાર્યવાહી થવા ઠરાવેલ છે. જે અંતર્ગત મંત્રીનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠક અંતર્ગત ઠરાવનાં અમલીકરણનાં તબક્કામાં જરૂરી પરિપત્ર દ્વારા સુચના આપવામાં આવેલ છે. જે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી ઓછા માં ઓછાં ૫૦% સભ્યોનાં બાયોમેટ્રિક/ઓ.ટી.પી બેઈઝડ વેરિફિકેશન ડોર સ્ટેપ ડિલિવરી સમયે લેવાનાં રહેશે.

# ટંકારાના લજાઈ ગામે કારખાનામાં થયેલો ઝઘડો હત્યામાં પલટાયો, સાથી શ્રમિકના તારપીનના ઘાથી ઈજાગ્રસ્ત શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારાની લજાઈ ચોકડીએ કારખાનામાં કામ દરમિયાન બે શ્રમિકો વચ્ચે થયેલા ઝઘડામાં એક શ્રમિકે બીજા શ્રમિકને તારપીન વડે આંખમાં ઘા મારી દેતા ઈજાગ્રસ્ત શ્રમિકને સારવાર માટે મોરબી બાદ રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા બાદ ત્રણ દિવસની સારવારમાં દમ તોડી દેતા મારામારીનો આ બનાવ હત્યામાં પલટાયો હતો. હાલ હત્યાના બનાવ અંગે મૃતકના કાકાની ફરિયાદને આધારે ટંકારા પોલીસે હત્યારા સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

હત્યાના બનાવ અંગે મૃતક યુવકના કાકા મુન્નાલાલ પ્યારેલાલ વર્મા ઉવ.૫૨ રહે.ભૂરાનેપુરાવા ગામ ઉત્તરપ્રદેશ વાળાએ ટંકારા પોલીસ મથકમાં આરોપી અંગદ કૈલાસ રાજભર હાલ રહે. ટંકારાના લજાઇ ભરડીયા રોડ ઉપર દેવ પોલીપેક કારખાનાની લેબર કોલોની મૂળ રહે. ઉત્તરપ્રદેશ રાજ્યના મંગલપુર ટોલા ધાતુર ખાસ થાણા વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદીના ભત્રીજા કમલચંદ્ર ઉર્ફે પિન્ટુ વર્મા ટંકારા તાલુકાના લજાઈ ગામની ચોકડી નજીક આવેલ દેવ પોલીપેક કારખાનામાં કામ કરતા હોય ત્યારે ગત તા.૨૭/૧૦ ના રોજ રાત્રીના પોલીપેક કારખાનામાં કામ દરમિયાન સાથી કર્મચારી આરોપી અંગદ રાજભર સાથે ઝઘડો થતા, આરોપીએ એકદમ ઉશ્કેરાઈને કમલચંદ્ર ઉર્ફે પિન્ટુને આંખમાં દોર પોરવવાની તારપીનનો ઘા મારી દેતા, કમલચંદ્ર ઉર્ફે પિન્ટુને ઈજાગ્રસ્ત હાલતમાં મોરબી બાદ રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો.

જ્યાં સારવાર દરમિયાન તા.૩૦/૧૦ના રોજ રાત્રીના કમલચંદ્ર ઉર્ફે પિન્ટુનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે હાલ હત્યાના બનાવ અંગે ટંકારા પોલીસે આરોપી અંગદ રાજભર વિરુદ્ધ બીએનએસની કલમ ૧૦૩(૧) સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી હત્યારાની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

# વાંકાનેરના માટેલ ગામે વિદેશી દારૂની ૧૦ બોટલ સાથે એક પકડાયો

વાંકાનેર તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમીને આધારે માટેલ ગામની સીમમાં જુના પલાસ ગામ જવાના માર્ગે પ્લાસ્ટિકના બચકામાં વિદેશી દારૂ રોયલ સ્ટગની ૧૦ બોટલ કિ.રૂ. ૧૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી મહેશ ઉર્ફે મસો ટીડાભાઈ ધેણોજા ઉવ.૩૦ રહે. માટેલ ગામ તા.વાંકાનેર વાળાની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સસ્તા અનાજના ૧૭ હજારથી વધુ દુકાનદારો આજથી હડતાળ પર

**મુખ્ય સમાચાર, અમદાવાદ**




રાજ્યભરના સસ્તા અનાજના રેશનિંગ દુકાનદારો આજથી અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતર્યા છે. ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યભરમાં આજથી સસ્તા અનાજ વિતરણ પ્રક્રિયા બંધ રહેશે. સરકારી અનાજના જથ્થાના ચલણ ભરવાની પ્રક્રિયા બંધ રહેશે. ગુજરાત રાજ્યના ૧૭ હજારથી વધુ ડિલરો આ આંદોલનમાં જોડાશે અને વિતરણ વ્યવસ્થાથી અળગા રહેશે.

રેશનિંગ દુકાનધારો સરકારને વિનંતી કરે છે કે આ સમસ્યાનો જલ્દી નિર્ણય લેવામાં આવે અને તેનો નિકાલ કરવામાં આવે, જેથી દુકાનદાર કે કાર્ડધારક કોઈને પણ હેરાન ન થવું પડે.

રાજકોટ સહીત રાજ્યભરના સસ્તા અનાજના વેપારીઓ આજથી હડતાલ પર ઉતરી આવ્યા છે. છેલ્લા એકાદ વર્ષથી રાજ્ય સરકાર સમક્ષ સસ્તા અનાજના વેપારીઓ દ્વારા વિવિધ પડતર ૨૦ જેટલી માંગણીઓ રજૂ કરી રહ્યા છે જો કે માંગ ન સંતોષતા આજે હડતાલનું એલાન કરવામાં આવ્યું છે. જેમાં રાજકોટ શહેર જિલ્લાના ૭૦૦ જેટલા વેપારીઓ હડતાલમાં જોડાયા છે. રાજકોટ ફેર પ્રાઈઝ ઓફ શોષ એસોસિએશનના પ્રમુખ માવજીભાઈ રાકશીયાએ જણાવ્યું હતું કે, આ અમારી કોઈ અચાનક હડતાલ નથી છેલ્લા એક વર્ષથી અમે સરકાર સમક્ષ અમારી માંગ રજૂ કરી છે આમ છતાં માંગ ન સંતોષાતા આજે હડતાલનું એલાન કરવામાં આવ્યું છે.

# વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના ઇલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન વિભાગ દ્વારા ''સ્કીલ ડેવલોપમેન્ટ વર્કશોપ'' નું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**





વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના ઇલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે ''સ્કીલ ડેવલોપમેન્ટ વર્કશોપ'' નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઈન્ડસ્ટ્રીમાંથી તજજ્ઞો તેમજ સિનીયર એકેડેમીશીયન બોલાવવામાં આવ્યા હતા.

પ્રથમ દિવસે ''પાવર ઇલેક્ટ્રોનીક્સ એન્ડ ડ્રાઈવ્સબેઝીક્સ ટુ એડવાન્સ'' વિષય પર 5th તથા 7th સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો હેતુ વિદ્યાર્થીઓને પાવર ઇલેક્ટ્રોનીક્સ એન્ડ ડ્રાઈવ્સ સિસ્ટમ્સના આધુનિક ક્ષેત્રમાં પ્રાયોગિક અને ઈન્ડસ્ટ્રી આધારિત જ્ઞાન આપવાનો હતો. આજની ટેકનોલોજીમાં એનર્જી એફિસિએંસી, ઓટોમેશન સ્માર્ટ કન્ટ્રોલ જેવી જરૂરિયાતો ઝડપથી વધી રહી છે. ઈન્ડસ્ટ્રીમાં મોટર કન્વર્ટસ એન્ડ કન્ટ્રોલ સિસ્ટમ્સનું યોગ્ય સમન્વય જાળવવા માટે પાવર ઇલેક્ટ્રોનીક્સ એન્ડ ડ્રાઈવસનું ઊંડું જ્ઞાન અનિવાર્ય બની ગયું છે.

વિદ્યાર્થીઓને થીયરી પાર્ટની જાણકારી આપી. એપ્લીકેશન ઓરીએન્ટેડ સિમ્યુલેશન બેસડ હેન્ડસ ઓન સેશન દ્વારા PWM ઈન્વર્ટર બક બુસ્ટ કન્વર્ટ, સ્પીડ કન્ટ્રોલ ઓફ મોટર્સ જેવી અવનવી એપ્લીકેશનથી માહિતગાર કરવામાં આવ્યા હતા. વર્કશોપમાં નિષ્ણાત વક્તા ડો. ચાર્મીબેન ચાંગેલા તથા ડો. પ્રાપ્તિબેન પંડ્યા દ્વારા થીયરી પાર્ટ ઓફ પાવરઇલેક્ટ્રોનીક્સ બેઝીક્સથી શરૂ કરી એપ્લીકેશનનું હેન્ડસ ઓન સેશન લેવામાં આવ્યું હતું.

બીજા દિવસે ''હેન્ડસ ઓન સેશન ઓન PCB ડીઝાઈનિંગ'' વિષય પર 3rd સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત વક્તાઓ તરીકે સાગરભાઈ કનેરીયા તથા કિશનભાઈ પાથર-આરટ્રોનિક્સ લી. રાજકોટ(મેટોડા) તરફથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને PCB ડીઝાઈનિંગની પ્રક્રિયા, સોફ્ટવેર ટૂલ્સનો ઉપયોગ, ટ્રેક લે આઉટ, કમ્પોનેન્ટ પ્લેસમેન્ટ અને ફેબ્રિકેશન પ્રક્રિયાની વિગતવાર સમજ આપી હતી.

આજના ઈલેક્ટ્રોનીકસના યુગમાં PCBએ દરેક ઈલેક્ટ્રોનીક્સ સિસ્ટમનું હૃદય સમાન છે. નાના-મોટા તમામ પ્રોજેક્ટ્સ, IOT ડિવાઈસ, સેન્સર સિસ્ટમ કે ઓટોમેશન ઉપકરણોમાં PCB ડીઝાઈનિંગનું યોગ્ય જ્ઞાન અનિવાર્ય છે. વિદ્યાર્થીઓને સિધ્ધાંત્મક જ્ઞાન ઉપરાંત પ્રાયોગિક કુશળતા મળે તે માટે આ પ્રકારના હેન્ડ ઓન સેશન સેક્સનની જરૂરિયાત રહે છે. ડીઝાઈનિંગનું જ્ઞાન વિદ્યાર્થીઓને ફાઈનલ ઈયર પ્રોજેક્ટ, ઈનોવેશન કોમ્પેટીશન, ઈન્ડસ્ટ્રીયલ એપ્લીકેશન માટે તૈયાર બનાવે છે.

આ વર્કશોપને સફળ બનાવવા માટે પ્રિન્સીપાલ ડો. પિયુષભાઇ વણઝારાનાં માર્ગદર્શન હેઠળ ઈલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન વિભાગના વડા ડો. પરેશભાઈ ધોળકીયા, ડો. ચાર્મીબેન ચાંગેલા દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

આ વર્કશોપની સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશીકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠે શુભેચ્છાઓ પાઠવી હતી.

# જામનગરના કેટલાક વિસ્તારોમાં આજે પાણી વિતરણ બંધ રહેશે

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર ફિલ્ટર પ્લાન્ટમાં મરામત કામગીરીના કારણે તા. ૧ લી નવેમ્બરના જામનગરમાં અમુક વિસ્તારમાં પાણી વિતરણ બંધ રહેશે, અને બીજા દિવસે વિતરણ થશે.જામનગર મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખા દ્વારા જરૂરી કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી તા. ૧ નવેમ્બરના શહેરના અમુક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રાખવામાં આવનાર છે.તા. ૧-૧૧-૨૦૨૫ અને શનિવાર જ્ઞાનગંગા ફિલ્ટર પ્લાન્ટમાં ફ્લોક મોડ્યુઅલમાં વર્જીન પી.વી.સી. એંગલ બદલાવવાનું તેમજ રવિપાર્કની રાઈઝીંગ પાઈપલાઈન પર એમ.ઈ.એસ. કેમ્પસની અંદરથી પસાર થતી હોય તેનું લીકેજ રીપેરીંગ કરવાનું હોવાથી જ્ઞાનગંગા ફીલ્ટર પ્લાન્ટમાં શટડાઉન છે.આથી જ્ઞાનગંગા ફીલ્ટર પ્લાન્ટ સંલગ્ન રવિપાર્ક, જ્ઞાનગંગા તથા ગોકુલનગર ઈ.એસ.આર.માં તા. ૧-૧૧-૨૦૨૫ અને શનિવારના પાણી વિતરણ બંધ રહેશે.રવિપાર્ક ઝોન 'એ' હેઠળ આવતા વિસ્તારો યાદવનગર, ભક્તિનગર, મહાદેવનગર, રાધેક્રિષ્ના પાર્ક, ડીફેન્સ કોલોની, વિશાલ પાર્ક, ગોકુલધામ, બાલજી ૧, ૨ અને ૩, નવી-જુની ચાલી, આનંદ કોલોની, ભીંડાવાડી, પુરબયાની વાડી, શિવ ટાઉનશીપ, તીરૂપતિ પાર્ક-૨, રાધેક્રિષ્ટન સોસાયટી, નિલકંઠ પાર્ક, દ્વારકાધીશ પાર્ક, તીરૂપતિ પાર્ક-૧, સંગમ પાર્ક, પુષ્પક પાર્ક, યોગી પાર્ક, ઢીંચડા ગામ વિગેરે વિસ્તારો તેમજ જ્ઞાનગંગા ઝોન હેઠળ આવતા વિસ્તારો ધોરીવાવ, શિવધામ ૧, ૨, ૩, ૬, ૭, ખોડિયાર વીલા, શ્રીરાજ પાર્ક, ખોડલગ્રીન્સ, જે.જે. કબીર, શ્રીજી પાર્ક, યોગીધામ, જયહરિ પાર્ક, ઓમપાર્ક, જ્યોતી પાર્ક-૧, ૨, ખોડલવીલા, જે.જે. જશોદાનાથ-૧, ૨, ક્રિષ્ના પાર્ક, નીલગીરી વિગેરે તથા ગોકુલનગર ઝોન 'બી' હેઠળ આવતા વિસ્તારો નવાનગર, મુરલીધરનગર-૧ થી ૩, શિવનગર-૨, શ્યામનગર, ખાખીનગર, વિજયનગર, સીતારામ, સોહમનગર, બાલમુકુંદ સોસાયટી, મુરલીધર સોસાયટી, સુભાષનગર, રાજરાજેશ્વરી સોસાયટી, સિદ્ધાર્થનગર, મયુર એવન્યુ, સ્વામિનારાયણ ટાઉનશીપ વિગેરે વિસ્તારોમાં પાણી બંધ રહેશે.ઉક્ત વિગતે પ્રથમ બંધ રહેલ ઝોન વિસ્તારમાં બીજા દિવસે પાણી વિતરણ કરવામાં આવશે તથા એ પછીના દિવસે રૂટિન લગત ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવશે. કાર્યપાલક ઈજનેર વોટર વર્કસ શાખા જામનગર મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

# જામનગર એસ.ટી. ડિવિઝનને થઈ રૂ. ૧૬ લાખથી વધુની આવક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર દિવાળીના તહેવારોના કારણે જામનગર એસ.ટી. ડિવિઝન દ્વારા વધારાની બસો દોડાવવામાં આવી હતી જેમાંથી રૂ. ૧૬ લાખ ૧૮ હજારની આવક થવા પામી છે.

દિવાળીના તહેવારોમાં મુસાફરી ઘસારાને ધ્યાનમાં લઈને જામનગર એસ.ટી. વિભાગ દ્વારા જૂનાગઢ, સોમનાથ, રાજકોટ, ગોધરા, દાહોદ માટે વધારાની બસો દોડાવવામાં આવી હતી. તા. ૧૬ થી ૨૮ ઓક્ટોબર સુધી આ વધારાની બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું.આ બસોની કુલ ૩૨ ટ્રીપ કરવામાં આવી હતી અને ૧૨,૭૭૬ મુસાફરોએ આ બસમાં મુસાફરી કરી હતી. તેમાંથી રૂ. ૧૮,૭૭૩ ની આવક થવા પામી હતી. વધારાની બસ દોડાવવાથી મુસફારોને રાહત મળી હતી અને આસાનથી પોતાના ગંતવ્ય સ્થળે પહોંચી ગયા હતાં.

# મોરબીમાં ત્રણ વર્ષની બાળકી ઘરમાં પુરાઇ જતા ફાયર ટીમે સમયસર પહોંચીને સલામત રીતે બહાર કાઢી

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીમાં અવની ચોકડી નજીક એપાર્ટમેન્ટમાં ત્રણ વર્ષની બાળકી ઘરમાં એકલી લોક થઈ જતા પરિવારજનોમાં દહેશત ફેલાઈ હતી. તાત્કાલિક મોરબી ફાયર વિભાગને જાણ કરતા, ફાયર વિભાગ ટીમ માત્ર ૧૬ મિનિટમાં પહોંચી દરવાજો તોડી બાળકીને સલામત બહાર કાઢી સફળ બચાવ કામગીરી કરી હતી.

મોરબી ફાયર કંટ્રોલરૂમમાં તા.૩૧/૧૦ના રોજ સાંજે ૬.૪૩ વાગ્યે કોલ મળ્યો હતો કે ગુરુ પ્રેરણા એપાર્ટમેન્ટ, દર્શના ટાઉનશીપ, અવની ચોકડી પાસે ત્રણ વર્ષની બાળકી ઘરની અંદર એકલી રહી ગઈ છે અને મેનડોર કોઈ કારણસર લોક થઈ ગયો છે.

મોરબી ફાયર ટીમ ૬.૫૧ વાગ્યે ઘટના સ્થળે પહોંચી, તરત જ સીડી દ્વારા બીજા માળે રસોડાની બાલકનીમાં પ્રવેશ કર્યો હતો. ફાયર કર્મચારીઓએ ઝડપી કામગીરી કરતાં ૬.૫૯ વાગ્યે દરવાજો તોડી બાળકી ધ્યાનીને સહી સલામત બહાર કાઢી હતી. સ્થાનિક રહીશો અને પરિવારજનોએ ફાયર વિભાગના જવાનોની ઝડપી કામગીરીની પ્રશંસા કરી હતી.

# ગીર સોમનાથ જિલ્લામાં અતિ ભારે વરસાદને કારણે ખેડૂતોને નુકસાન થતા રિપબ્લિકન પાર્ટી ઓફ એ ઇન્ડિયા દ્વારા ખેડૂતોને સહાય આપવા રજૂઆત

## ખેડૂતો અને માછીમારોને સહાય આપવા મુખ્યમંત્રીને પત્ર પાઠવી કરી રજૂઆત

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



સમગ્ર સૌરાષ્ટ્ર તથા ગીર સોમનાથ જિલ્લામાં અતિ ભારે વરસાદ થયો છે જેને કારણે ખેડૂતો પાયમાલ થયા છે જ્યારે ખેતરોમાં પાણી ઘૂસ્યા છે.

ખેતરો નદીઓ થઈ નદીઓ થઈ જ્યારે માંડવી સોયાબીન જેવા અનેક પાકોમાં ભારે નુકસાન થયું છે ત્યારે અનેક સંસ્થાઓ દ્વારા રજૂઆતો થઈ રહી છે જુદા જુદા સંગઠનો દ્વારા ખેતરોની મુલાકાત પણ લઈ રહ્યા છે અને પાણીમાં ખેતર ગડા ડુપ થયા છે ખેડૂતના મોઢામાં આવેલો નિવાલો છીનવાયો છે આ આકાશી આફતને કારણે ખેડૂત બે હાલ થયો છે જ્યારે ગીર સોમનાથ જિલ્લાના અનેક તાલુકાઓની મુલાકાતે અને અનેક ગામડાની મુલાકાતે ગુજરાત રાજ્ય કેબિનેટ મંત્રીઓ પણ મુલાકાત લઈ રહ્યા છે ત્યારે આજે રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જેસીંગભાઇ શામજીભાઈ રાઠોડ દ્વારા રજૂઆત કરી છે કે ખેડૂતોના જે ધિરાણ મળે છે તે માફ કરવામાં આવે ખેડૂતોને કેસડોલ આપવામાં આવે જેથી ખેડૂતને આર્થિક સહાય પૂરી પડે તેવી રજૂઆત રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવી છે

# ખેડુતો માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની ભારતીય કિસાનસંઘની મુખ્યમંત્રીને રજૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા સહિત રાજ્યભરમાં કમોસમી વરસાદના કારણે ખેડુતોના મગફળી, કપાસ સહિતના પાકને ભારે નુકશાન થયું છે. હાલની આ પરિસ્થિતિને ધ્યાને લઇને ભારતીય કિસાન સંઘ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી તાત્કાલિક સર્વે કરીને યોગ્ય સહાય અને વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની માંગણી કરવામાં આવી છે.

રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા કમોસમી વરસાદના કારણે ખેડુતોના તૈયાર પાકને ભારે નુકશાન પહોંચ્યું છે. ખેતરોમાં પાક પણ પાણીમાં પલળી જતાં બગડી ગયેલા છે. ખાસ કરીને મગફળી, કપાસ, સોયાબીન, અડદ અને મગ જેવા પાકોનો મોટાભાગનો ભાગ નાશ થવાને આરે છે. આ કારણે ખેડુતો પર આર્થિક સંકટના વાદળો છવાયા છે. ત્યારે ભારતીય કિસાન સંઘના મોરબી જીલ્લા પ્રમુખ બાબુલાલ સીણોજીયા, ઉપપ્રમુખ આશિષકુમાર કગથરા અને મહામંત્રી નાથાલાલ ઢેઢી દ્વારા મુખ્યમંત્રીને ઈમેઈલ મારફતે રજૂઆત કરી જણાવાયું છે કે છેલ્લા ચારથી પાંચ સીઝનથી ખેડુતો સતત કુદરતી આફતો અને રોગચાળાઓને કારણે નુકશાન સહન કરી રહ્યા છે. હવે ફરી કમોસમી વરસાદે ખેડૂતોની આખા વર્ષની મહેનત પર પાણી ફેરવી દીધું છે.

રજુઆતમાં જણાવાયું છે કે સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી ૧ નવેમ્બરથી શરૂ થવાની હોવા છતાં હજુ સુધી કેટલો જથ્થો ખેડૂતદીઠ લેવામાં આવશે તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. બજારમાં મગફળી અને અન્ય ખેતપેદાશોના ભાવ ખુબ જ નીચા સ્તરે પહોંચી જતા ખેડુતોને બજાર ભાવ તેમજ પાક નુકશાની બંને વેઠવાનો વારો આવ્યો છે. ખરીદી સેન્ટરો દ્વારા રીજેકશનની પ્રક્રિયા અને પ્રશાસનના સર્વે દરમિયાનની બેદરકારીના કારણે ખેડુતોને હંમેશા અન્યાય ભોગવવો પડે છે. રજૂઆતમાં જણાવાયું છે કે, અત્યાર સુધી સરકારે જે રાહત પેકેજો જાહેર કર્યા છે તેમાં ખેડુતોને ખાતા દીઠ રૂ.૧૨,૦૦૦ થી રૂ.૧૫,૦૦૦ ની ચુકવણી કરવામાં આવે છે, જે રકમથી ખેડુતોના આર્થિક સંકટમાં કોઈ ફરક પડતો નથી.

આથી ભારતીય કિસાન સંઘે સ્પષ્ટ માંગણી કરી છે કે, સરકારે યોજનાથી ઉપર ઉઠીને ખાસ ખેડુત હિતનું વિશેષ રાહત પેકેજ જાહેર કરવું, અને મોરબી જીલ્લાનો પણ તેમાં સમાવેશ કરવો. રજુઆતના અંતે કિસાન સંઘે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે સરકાર ખેડુતોની હાલની પરિસ્થિતિને ગંભીરતાથી લઇ તાત્કાલિક રાહત પગલાં લેશે અને આ સંકટમાંથી ખેડૂતોને બહાર કાઢશે.

# મોરબી દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિ મહોત્સવની તારીખોમાં ફેરફાર, હવે મહોત્સવ ૩ થી ૯ નવેમ્બર દરમિયાન યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વિરપર ખાતે યોજાનાર પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિ ઉજવણીની તારીખોમાં કમોસમી વરસાદને કારણે ફેરફાર કરવામાં આવ્યો છે, હવે મહોત્સવ ૩ થી ૯ નવેમ્બર દરમિયાન યોજાશે, આ ભવ્ય ઉજવણીના શુભારંભ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

મોરબી જીલ્લાના વિરપર ગામ નજીક, રવાપર ઘૂંનડા રોડ પર, પાણીના ટાંકા સામે યોજાનાર પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિ નિમિત્તે ધાર્મિક મહોત્સવની તારીખોમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. આ મહોત્સવ અગાઉ ૧ થી ૭ નવેમ્બર ૨૦૨૫ દરમ્યાન યોજાવાનો હતો, પરંતુ અણધાર્યા કમોસમી વરસાદને ધ્યાનમાં રાખીને તથા બહારગામથી આવનારા હજારો ભક્તોને કોઇ મુશ્કેલી ન પડે તે હેતુસર મહોત્સવની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આ ધાર્મિક મહોત્સવ ૩ થી ૯ નવેમ્બર દરમિયાન ધામધૂમથી યોજાશે.

મહોત્સવનો શુભારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમ ૩ નવેમ્બર, સોમવારની સાંજે ભવ્ય રીતે યોજાશે, જેમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે મહોત્સવ નિમિત્તે ખાસ રીતે ઊભી કરવામાં આવેલી ''જોવા જેવી દુનિયા'' ની મુલાકાત ૩ થી ૯ નવેમ્બર દરમ્યાન દરરોજ સાંજે ૪.૩૦ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી માટે ખુલ્લુ રહેશે. દાદા ભગવાન પરિવાર દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે આ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહોત્સવમાં દરેક શ્રદ્ધાળુએ નવી તારીખોની નોંધ લઈને સમયસર ઉપસ્થિત રહી ધર્મલાભ લેવો.

# મુસાફરોની સુવિધા માટે રાજકોટ-વેરાવળ પેસેન્જર ટ્રેનમાં ૧૧ વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે

મુસાફરોની વધતી માંગ અને તેમની સુવિધાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ-વેરાવળ પેસેન્જર ટ્રેનમાં અસ્થાયી રૂપે ૧૧ વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ છે. ટ્રેન સં. ૫૯૪૨૧ (રાજકોટ-વેરાવળ પેસેન્જર) માં તારીખ ૩૧ ઑક્ટોબર, ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ૧૧ વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે., ટ્રેન સં. ૫૯૪૨૨ (વેરાવળ-રાજકોટ પેસેન્જર) માં તારીખ ૦૧ નવેમ્બર, ૨૦૨૫ થી ૦૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ૧૧ વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે. આ અસ્થાયી વધારો આગામી તહેવારોના સમયગાળા દરમિયાન મુસાફરોની વધુ ભીડને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે, જેથી મુસાફરોને મુસાફરી દરમિયાન વધુ સુવિધા મળી શકે અને તેમની યાત્રા સરળ અને સુરક્ષિત બની શકે.

# હળવદમાં યુવક સાથે પ્રેમ સંબંધ બનાવી રૂપિયા પડાવવા ધમકી આપતી મહિલા સામે પોલીસમાં ફરીયાદ

હળવદ તાલુકાના સાપકડા ગામના યુવકને એક મહિલાએ પ્રેમ સંબંધના બહાને રૂપિયા પડાવવાની અને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપતી હોવાની ફરિયાદ નોંધાવી છે. હાલ હળવદ પોલીસ દ્વારા મામલાની તપાસ હાથ ધરાઈ છે. હળવદ તાલુકાના સાપકડા ગામે રહેતા અને રીક્ષા ડ્રાઈવિંગ કરતા જીગરભાઈ જનાભાઈ સણાસીયા ઉવ.૨૫ એ હળવદ પોલીસ મથકમાં આરોપી હેતલબેન પ્રદીપસિંહ પરમાર હાલ રહે.હળવદ મૂળ રહે. સુરેન્દ્રનગર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, આરોપી હેતલ તેમના સાથે પ્રેમ સંબંધ બાંધી રૂપિયા પડાવવા અને ખોટા કેસમાં ફસાવવા ધાક ધમકી આપતા હોય ત્યારે ફરિયાદી જીગરભાઈએ નોંધાવેલ ફરિયાદ મુજબ, ફરીયાદી જીગરભાઈ સાથે આરોપી બહેને પ્રેમ સબંધ બનાવી, રૂપિયા ત્રીસ હજારની માંગણી કરેલ અને ત્રીસ હજાર રૂપિયા નહી આપે તો જીગરભાઈના ઘરે જઈને દવા પીને મરી જવાની અને ખોટા બળાત્કારના કેસમા ફસાવી દેવાની અવાર નવાર ધાક ધમકી આપતા હતા. હાલ હળવદ પોલીસે જીગરભાઈની ફરિયાદને આધારે આરોપી મહિલા સામે ભારતીય ન્યાય સહિતાની કલમ-૩૦૮(૨), ૩૦૮(૭), ૩૫૧(૨) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના વાવડી રોડ ઉપરથી ઇંગ્લીશ દારૂની બે બોટલ સાથે યુવક ઝડપાયો

મોરબી શહેરના વાવડી રોડ ઉપર શ્રીજી પાર્ક સોસાયટીના નાકા પાસે શંકાસ્પદ હાલતમાં નીકળેલ યુવકને સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા રોકી તેની અંગઝડતી લેતા, યુવકના પેન્ટના નેફામાંથી ઇંગ્લીશ દારૂ રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૨ બોટલ કિ.રૂ.૧,૩૭૨/- મળી આવતા, પોલીસે આરોપી દશરથસિંહ ઉર્ફે દશુભા વનરાજસિંહ ઝાલા ઉવ.૨૩ રહે. માધાપર શેરી નં.૨૨ મોરબી વાળાની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ગઠીયાએ લોનના બહાને ટેઈલર પાસેથી ૮૮ હજાર પડાવ્યા

### ઠગાઈ કરનારે યુવાનના મોબાઈલમાંથી ત્રણ લોકોને નાણાં ટ્રાન્સફર કર્યાની ફરિયાદ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં નાના ધંધાર્થીઓ પાસે બેસીને તેમને લોન કરાવી આપવાનાં બહાને અને ક્રેડીટ કાર્ડ આપવાના બહાને લાખો રૂપિયાના ફ્રોડ કરતા અને રાજકોટનાં ટેલીફોન એક્ષચેંજ પાસે સોમનાથ સોસાયટીમા રહેતા મહાવીરસિંહ જીતેન્દ્રસિંહ સોલંકી સામે વધુ એક ફરીયાદ પોલીસ ચોપડે નોંધવામાં આવી છે. જેમા ગાંધીગ્રામનાં આરસીક પાર્ક સામે પરીશ્રમ સ્કુલની સામે રહેતા નિકુંજ નંદકીશોર હિંગુ નામનાં યુવાને પોલીસમા ફરીયાદ નોંધાવી હતી.

નિકુંજભાઈએ ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેમની દુકાન ગાંધીગ્રામમા ગાંધીનગર શેરી નં ૧ નજીક પોતાની દરજી કામની દુકાન આવેલી છે ત્યા બાજુમા પ્રીન્સભાઈની કપડા પ્રેસ કરવાની દુકાન છે . ત્યા અવાર નવાર મહાવીરસિંહ આવતો હોય જેથી તેમની સાથે ઓળખાણ થઈ હતી આ મહાવિર સાથે વાત થતા તેમની પર વિશ્વાસ બેસતા તેમણે બેએક મહીના પહેલા તમારે ક્રેડીટ કાર્ડ જોઈતુ હોય તો કહેજો તેમાથી વસ્તુની ખરીદી સસ્તી પડશે તેમ જણાવ્યુ હતુ. જેથી ફરીયાદી આ મહાવિરની વાતમા આવી ગયા હતા અને તેમણે આધાર કાર્ડ અને પાનકાર્ડ આરોપી મહાવીર સોલંકીને આપ્યા હતા. ત્યારબાદ તેમણે કેડીટ કાર્ડ માટે અમુક પ્રોસેસ મોબાઈલમા કરી હતી. ત્યારબાદ તા. ૨૮-૮ નાં રોજ સાંજનાં સમયે ફરીયાદી પોતાની દુકાને હતા ત્યારે ત્યા મહાવીર આવ્યો હતો. અને તેમણે મોબાઈલમા પ્રોસેસ કરી તમારુ ક્રેડીટ કાર્ડ આવી જશે તેમ જણાવ્યુ હતુ. ત્યારબાદ બીજા દીવસે તા. ૨૯ નાં રોજ બપોરનાં સમયે મહાવિરસિંહ સોલંકી દુકાન ખાતે આવી તમારી ક્રેડીટ કાર્ડની પ્રોસેસ કયા સુધી પહોંચી કહી મોબાઈલ ફોન જોઈ કહ્યુ કે તમારા ખાતામા પૈસા જમા થયા છે તે ક્રેડીટ કાર્ડ વાળાને આપવા પડશે જેથી તમારા ક્રેડીટ કાર્ડ તેમજ ગુગલ પે એકાઉન્ટનાં પાસવર્ડ જોશે. તેમ કહી તેમણે પાસવર્ડ લીધા હતા.

ત્યારબાદ આઈડીએફસી બેંકમાથી ફોન આવ્યો કે અમારી બેંકમાથી ૧.૧૦ લાખ રૂપીયાની પર્સનલ લોન તમે લીધી છે . ત્યારબાદ જાણવા મળ્યુ કે આ મહાવીરસિંહ સોલંકીએ ફરીયાદીનાં મોબાઈલમાથી આધાર કાર્ડ અને પાનકાર્ડની મદદથી પર્સનલ લોન લઈ લીધી હતી. અને તેમણે આરોપીએ ફરીયાદીનાં ફોનમાથી મહાવિરસિંહ સોલંકીનાં ખાતામા ૨૩૫૦૦ નીરવ શાહનાં ખાતામાં ૩૦ હજાર અને રાહુલ વાઘેલાનાં ખાતામાં ૩૫ હજાર ટ્રાન્સફર કર્યા હતા . આમ મહાવિરસિંહ સોલંકીએ રૂ. ૮૮ હજારની છેતરપીંડી કરતા પોલીસમા ફરીયાદ નોંધાઈ હતી.

# શહેરમાં ગુનાખોરી વકરતા કોંગ્રેસે સી.પી. કચેરીને ઘેરાવ કરી ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા

### પોલીસની ધાક ઓસરતા ક્રિમીનલો હાવી થયાનો સનસનીખેજ આક્ષેપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં દિવાળી તહેવારમાં ત્રણથી વધુ હત્યા અને ત્યારબાદ ગેંગવોર થતા પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવી કોંગ્રેસ દ્વારા આજે પોલીસ કમિશનર કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો અને સરકાર સામે પણ સુત્રચ્ચાર કર્યા હતા.

કિમશનરને પાઠવેલ આવેદનમાં જણાવ્યું હતું કે રાજકોટ શહેર એ રંગીલુ અને શાંત શહેર ગણાય છે પરંતુ રાજકોટમાં છેલ્લા ઘણા સમયથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચિથરે હાલ બનતી જાય છે. શહેરમાં ખાખીનો ખોફ ઓસરી ગયો છે. ખુલ્લે આમ ગુનાખોરીનો ગ્રાફ ઉચકાયો છે. રાજકોટ શહેરમાં દિવાળીના તહેવારોમાં હત્યાઓ થઈ છે અને અઠવાડિયામાં છ હત્યાઓથી શહેરમાં ફફડાટ વ્યાપી ગયો છે. નજીવી બાબતે અથડામણો થાય અને ફોન કરતાની સાથે જ ગેંગ ઉમટી પડે અને હત્યાઓ, ખુની હુમલા મારામારીની ઘટના રોજિંદી બની છે. તાજેતરમાં મંગળા રોડ પર બે ગેંગ આમને સામને આવી જતા ફાયરિંગની ઘટનાઓ બની હતી આ ગેંગ સામે અગાઉ પણ ગુનાઓ નોંધાયા છે ત્યારે પોલીસ દ્વારા કોઈ નક્કર કામગીરી ન કરાતા શહેરમાં ગેંગવોરે માથું ઉચક્યું છે.

આગામી દિવસોમાં પોલીસ એક્શનમાં નહીં આવે તો આ ગેંગ માંથી વધુ હત્યાઓ પણ નકારી શકાતી નથી. રાજકોટમાં ચોરી, લૂંટ, સ્પાના નામે ચાલતા કુટણખાના સહિતના ગંભીર ગુનાઓમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. અત્યારે રાજકોટ શહેરમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની ફોજ હોવા છતાં ક્રાઈમ રેટ ઉચકાયો છે. ક્રાઈમ રેટ અટકાવવામા રાજકોટ શહેર પોલીસ તંત્ર નિષ્ફળ પુરવાર થઈ છે. જેને પગલે રાજકોટની જનતામાં ભયનો માહોલ પેદા થયો છે. શહેરમાં મોટાભાગના ગુનાઓ દેશી અને વિદેશી દારૂના હાટડાઓ ખુલેઆમ ચાલી રહ્યા છે. ત્યારે પોલીસની મીઠી નજર હેઠળ હપ્તાખોરીના દૂષણના કારણે ચાલતા આવા દારૂના અડ્ડાઓ ગુનાખોરીનું હબ બની ગયા છે. રાજકોટ શહેરનું પોલીસ પેટ્રોલિંગ અને નાઈટ પેટ્રોલિંગ ફક્ત કાગળ ઉપર સીમિત બન્યું છે અને રાજકોટમાં ટ્રાફિકની સમસ્યા પણ વિકરાળ રૂપ ધારણ કરી રહી છે. ઠેર ઠેર ટ્રાફિક જામની સમસ્યાઓ રોજિંદી બની છે. જે પોલીસ મથકના તાબા હેઠળ ગુનાખોરી વકી રહી છે તે પોલીસ મથક ના પોલીસ ઈન્સ્પેક્ટર પર પણ કાર્યવાહી થવી જોઈએ. રજુઆતમાં શહેર પ્રમુખ ડો.રાજદિપસિંહ જાડેજા, ઈંદ્રનીલભાઈ રાજ્યગુરુ, નરેન્દ્રભાઈ સોલંકી, ડો.હેમંગભાઈ વસાવડા, ગાયત્રીબા વાઘેલા, જસવંતસિંહ ભટ્ટી, મહેશભાઈ રાજપૂત, ડી. પી. મકવાણા, અતુલભાઈ રાજાણી, સંજયભાઈ આજુડિયા, દીપ્તિબેન સોલંકી, વૈશાલીબેન શિંદે, આદિત્યસિંહ ગોહિલ, હરપલસિંહ જાડેજા, મુકુંદભાઈ ટાંક, રવિભાઈ જીત્યા સહીતના જોડાયા હતા.

# યુવતીની છેડતી, મારામારી અને લૂંટ ચલાવનાર બેલડી પાસામાં ધકેલાઈ







### એક વર્ષ પહેલા ભાડેથી રીક્ષા લઈ ગયા બાદ પરત નહીં આપનાર શખ્સ રાધનપુરથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લૂંટ કરવાના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા અને તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં યુવતીની છેડતી કરી મારામારી કરનાર બે શખ્સોને પોલીસે પાસામાં સુરત અને વડોદરા જેલમાં ધકેલી દીધા છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ બી.એમ.હરીપરાની સુચનાથી પીએસઆઈ એમ.એચ.મહારાજ, એએસઆઈ ભાવેશભાઈ, દિપકભાઈ સહિતના સ્ટાફે કાલાવડ રોડ પર અવધના ઠારીયે આંબેડકનગર આવાસના કવાર્ટરમાં રહેતો વિજય ત્રીભુવન સોલંકી અને કલ્પેશ ઉર્ફે અપુડો નરેશ મકવાણા નામના બે શખ્સોને અટકાયતમાં લઈ બન્નેની પાસાની દરખાસ્ત તૈયાર કરી વડી કચેરીએ મોકલાવતા તેના પર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મોહર લગાવી દેતા પાસાનું વોરંટ ઈસ્યુ કરી વિજય સોલંકીને વડોદરા જેલ અને અલ્પેશ ઉર્ફે અપુડો મકવાણાને સુરત જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યા છે. આ બન્ને શખ્સો અગાઉ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં લૂંટ કરવાના અને તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં યુવતીની છેડતી કરી મારામારી કરવાના ગુન્હામાં પોલીસમાં પકડાયા હતા.

અન્ય એક બનાવમાં માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ યુવાન પાસેથી એક વર્ષ પહેલા રીક્ષા ભાડે લઈ ગયા બાદ પરત નહીં આપતા ભાવિન વિજય સોલંકી વિરૂધ્ધ છેતરપીંડીની ફરીયાદ નોંધાયા બાદ આ શખ્સ ફરાર થઈ ગયો હતો. જેના પગલે ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઈ આર.એચ.ઝાલાની સુચનાથી હેડ કોન્સ. ધર્મેન્દ્રસિંહ, અંકિતભાઈ, અનિલભાઈ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી રાધનપુર જેઠાસર ગામેથી ભાવિન સોલંકીને એક વર્ષ બાદ દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# કોઠારીયા ગામ પાસે અતુલ શક્તિ રીક્ષામાં ૨૧૬ બોટલ સાથે શખ્સ ઝડપાયો

### દારૂનો જથ્થો સપ્લાય કરનાર બુટલેગર જગદીશ પરમારની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળીના તહેવારો બાદ ફરી બુટલેગરોએ વિદેશી દારૂની હેરાફેરી શરૂ કરી હોય ત્યારે આજીડેમ પોલીસે કોઠારીયા રોડ પર કોઠારીયા ગામથી મારૂતી હાઈટસ તરફના રસ્તે અતુલ શક્તિ રીક્ષામાં નાની-મોટી ૨૧૬ બોટલ સાથે એક શખ્સને દબોચી લઈ દારૂની સપ્લાય કરનાર બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ.બી.જાડેજાની સુચનાથી પીએસઆઈ જનકસિંહ રાણા, હેડ કોન્સ. ભરતભાઈ જોગીયા, ડી.જી.પાલા સહિતનો સ્ટાફ કોઠારીયા ગામના રસ્તે પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે, અતુલ શક્તિ રીક્ષા નં.જીજે૦૩એડબલ્યુ૮૯૧૯માં એક શખ્સ દારૂનો જથ્થો લઈ બુટલેગરને આપવા માટે નિકળ્યો હોવાની હકિકતના આધારે પોલીસે કોઠારીયા ગામથી આગળ મારૂતી હાઈટસ પાસે વોચ ગોઠવી અતુલ શક્તિ રીક્ષામાં હર્ષદ મનોજ મકવાણા (રહે. રણછોડનગરના આશ્રમની સામે રોહીદાસપરા શેરી નં.૬, કુવાડવા રોડ)ની ધરપકડ કરી રીક્ષામાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી ૨૧૬ બોટલ કિંમત રૂ.૮૩,૩૨૮નો જથ્થો ઝડપી લઈ રીક્ષા સહિત કુલ રૂ.૧.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલા હર્ષદ મકવાણાની આકરી પુછપરછ કરતા દારૂનો જથ્થો વૃંદાવન સોસાયટીમાં રહેતો જગદીશ ઉર્ફે જયેશ મુળજી પરમારનો હોવાની કબુલાત આપતા પોલીસે આ બુટલેગર જગદીશ પરમારની શોધખોળ આદરી છે.

# તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અરજદારોને પોલીસે ૩૭.૯૧ લાખની રોકડ પરત કરી







ગુજરાત સરકારના તેરા તુજ કો કાર્યક્રમ અંતર્ગત શહેરમાં ગુમ થયેલા મોબાઈલ કે છેતરપીંડીથી ગુમાવેલા નાણા પોલીસ દ્વારા શોધી અરજદારોને પરત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હોય ત્યારે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એમ.કૈલા, એમ.એ.જણકાટ, બી.બી.જાડેજા, એસ.બી.ગીલવા, પી.આર.ડોબરીયા, સી.વાય.મહાલેના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસની ટીમે શહેરમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકોને નાણાં કોર્ટ કાર્યવાહી દ્વારા પરત આપવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ઓક્ટોબર મહિનામાં રૂ.૩૭.૯૧ લાખની માતબર રકમ અરજદારોને પરત અપાઈ છે.

# પૂર્વ પ્રેમીએ રિક્ષામાં પ્રેમિકનો પીછો કરી છેડતી કર્યા બાદ પતિને ફોનમાં ગાળો ભાંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર રહેતા પરિણીતાનો પૂર્વ પ્રેમી ભરત મૂળજી ચંદ્રપાલે રીક્ષામાં પીછો કરી કા દીકા ક્યાં ગઈ હતી ? કહી અને મોબાઈલમાં ફોન કરી ધમકી આપતા યુનિવર્સીટી પોલીસમાં છેડતીની ફરિયાદ નોંધાઈ હતી. પરિણીતાએ તેમની ફરિયાદમાં આક્ષેપો કર્યા હતા કે, તેણી સાતેક વર્ષથી ભરતભાઈ મુળજીભાઈ ચંન્દ્રપાલને ઓળખે છે તેમને લગ્ન પહેલા અગાઉ મારે ભરત સાથે પ્રેમ સંબંધ હતો અને હાલ તેમને ભરત સાથે કોઈ પ્રકારનો વ્યવહાર નથી.

આમ છતાં આજથી આશરે ચારેક મહીના પહેલા મહિલા બજારમાંથી વસ્તુ ખરીદ કરીને ઓટો રીક્ષામાં બેસીને પાછી આવતી હતી. ત્યારે ઘંટેશ્વર રોડ નવા ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર પહોંચતા આરોપી ભરતભાઈ ચંન્દ્રપાલે રીક્ષાની બાજુમાંથી પોતાની રીક્ષા લઈને પસાર થતો હોય તે મને જોઈ જતા ચાલુ રીક્ષાએ મહિલાને કહેલ કે કા દીકા કયા ગઈ હતી ? જેથી મહિલાએ તેને કોઈ જવાબ આપેલ ન હતો.જેથી આ ભરત મહિલા બેઠેલ હતી તે રીક્ષાની પાછળ આવ્યો હતો અને બાદમાં તેની ઓટો રીક્ષા લઈને ત્યાથી ક્યાંક જતો રહેલ હતો.

બાદ, ગઈ તા. ૧૧/૧૦ના રોજ મહિલા પોતાના ઘરે હતી ત્યારે આ ભરતે તેના મોબાઈલ ફોનમાંથી મહિલાના પતિને ફોન કરીને ગાળો આપવા લાગેલો અને મને જાનથી મારી નાખવાની ધમકી આપવા લાગ્યો હતો. આ મામલે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

# નવા થોરાળામાં બે મિત્રો ઉપર જૂની અદાવતમાં ત્રિપુટીનો છરી વડે હુમલો

### જુદા-જુદા પાંચ સ્થળે યુવતી સહિત પાંચ લોકોએ જવલનશીલ પ્રવાહી પી લેતા તબિયત લથડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નવા યુરાળા વિસ્તારમાં રહેતા બે યુવાન મિત્રો સ્કૂટર લઈ સાંજના સમયે આંટો મરવા નિકળયા હતા ત્યારે ત્રણ શખ્સોએ જૂની અદાવતનો ખાર રાખી બંને યુવાન ઉપર છરી વડે હૂમલો કર્યો હતો. બંને યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડાયા હતા.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ નવા થોરાળા વિસ્તારમાં આવેલા વણકર વાસમાં રહેતા નયન જ્યોતિષભાઈ દાફડા, (ઉ.વ.૨૩) અને તેનો મિત્ર મિત કિશોરભાઈ પરમાર (ઉ.વ.૧૯) સાત વાગ્યના અરસામાં સ્કૂટર લઈ આંટો મારવા નિકળ્યા હતા ત્યારે ચિરાગ અને નાગેશ ઉર્ફે કે છોટુ છોટુ સહિતના સહિ અજાણયા શખ્સોએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. બંને યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.

આ ઉપરાંત અન્ય બનાવમાં શાપર-વેરાવળમાં રહેતી હેતલબેન નાનજીભાઈ મકવાણા નામની ૧૮ વર્ષની યુવતીએ ગુરુપ્રસાદ સોસાયટીમાં મોટી બહેન મયુરીના બેનના ઘરે હતી ત્યારે ડીપ્રેશનના કારણે ફિનાઈલ પી લીધુ હતું. ભગવતી પરા મેઈન રોડ પર રહેતા વિક્રમ મેરાજભાઈ દેત્રોજીયા (ઉ.વ.૨૫)ની પત્ની ભાવુ બેન પોપટપરામાં માવતરે રીસામણે ચાલી જતા સસરાએ ધમકી આપી હતી. જેથી વિક્રમે સસરાની ધમકીથી ડરી જઈ જ્યુબેલી ગાર્ડનમાં ફિનાઈલ પી લીધુ હતું. શિવધામ સોસાયટીમાં રહેતી ચેતનાબેન પરેશભાઈ જળુ (ઉ.વ.૩૧)એ મગજ ફમતા એસીડ ગટગટાવી લીધુ હતું. રાજનગર ચોકમાં વિદ્યુતનગર સોસાયટીમાં રહેતા આશીષ બિરખાભાઈ કડાઈ (ઉ.વ.૨૨)એ એસ્ટ્રોન ચોક સોસાયટીમાં હતો ત્યારે ઝેરી ટીકડા ખાઈ લીધા હતા અને નવાગામ આણંદપરમાં રહેતી સોનલબેન સંજયભાઈ પરમાર (ઉ.વ.૪૦)એ માનસિક બિમારીની વધુ પડતી દવા પી લીધી હતી. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટનો ગંજેરી ચોટીલાથી નશા માટે ૪૧.૩૧ ગ્રામ ગાંજો લાવતા ઝડપાયો

### ગાંજો અને સ્કુટર મળી ૨૩,૪૧૩નો મુદ્દામાલ કબજે કરતી પોલીસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે આવેલા ડિલક્ષ ચોક પાસેથી પોલીસે બાતમીના આધારે ૪૧.૩૧ ગ્રામ ગાંજાના જથ્થા સાથે પેડક રોડ પર રહેતા ગંજેરીને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની પૂછપરછ કરતા તે ચોટીલાથી નશો કરવા લાવ્યો હોવાની કબૂલાત આપી હતી. પોલીસે ગાંજો અને સ્કૂટર મળી કુલ રૂા.૨૩, ૪૧૩નો મુદ્દમાલ કબજે કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ બીડિવિઝન પીઆઈ એસ.એસ. રાણેના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ્ટેબલ જગદીશભાઈ ધાધણ, નરેશભાઈ ચાવડા, કોન્સ્ટેબલ જગમાલભાઈ જાદવ, વિરવજિતસિંહ ઝાલા, સંદીપ અવાડીયા સહિતનો સ્ટાફ ગત રાત્રે ડિલક્ષ ચોકમાં વાહન ચેકિંગમાં હતો દરમિયાન કુવાડવા રોડ તરફથી આવતા સ્કૂટર ચાલક શખ્સ શંકાસ્પદ હાલતમાં લાગતા તેને અટકાવી તલાશી લેતા સ્કૂટરની ડેકી માંથી માદક પર્દાથની થેલી મળી આવી હતી. જેથી પોલીસે એફએસએલ અધિકારીને જાણ કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને માદક પર્દાથની ચકાસણી કરતા તે ગાંજો હોવાની જાણવા મળ્યુ હતું. જેથી પોલીસે ૪૧.૩૧ ગ્રામ ગાંજો કિ.રૂ.૪૧૩ કબજે કરી આરોપી રવિ ઉર્ફે દુડી ભરતભાઈ ગોહેલ રહે. પેડલ રોડ પાણીના ઘોડા પાસેની ધરપકડ કરી પૂછપરછ કરતા તેને ગાંજો પીવાની ટેવ હોય જેથી નશો કરવા માટે આ ગાંજોનો જથ્થો ચોટીલાથી લાવ્યો હોવાની કબૂલાત આપી હતી. પોલીસે ગાંજો અને સ્કૂટર મળી કુલ રૂા.૨૩,૪૧૩નો મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુધ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રવેચીનગરમાં ભાઈના ઘરે બહેનનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કોઠારીયા સોલવંટ પાસે રવેચીનગરમાં ભાઈના ઘરે બહેન ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરીવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ કોઠારીયા સોલવંટ પાસે આવેલ રવેચીનગરમાં ભાઈના ઘરે આવેલી અંજલીબેન અશોકભાઈ ભરડા (ઉ.વ.૧૮) નામની યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ગઈકાલે સાંજના પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હોવાની જાણ ૧૦૮ને કરવામાં આવતા ઈએમપી ડો.કલ્પેશભાઈ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમીક તપાસ કરતા યુવતીને મૃતક જાહેર કરી હતી. બનાવ અંગેની જાણ તાલુકા પોલીસમાં કરવામાં આવતા પીએસઆઈ બી.વી.સરવૈયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ યુવતીના મોત અંગેના પ્રાથમિક કાગળો તૈયાર કરી લાશને પીએમ અર્થે સરકારી હોસ્પિટલે ખસેડી હતી.

# રેસકોર્ષ રીંગ રોડ ફરતે રન ફોર યુનિટીમાં ૨૦૦ લોકો જોડાયા



### શ્રમ-રોજગાર મંત્રીએ સરદાર પટેલને પુષ્પાંજલી અર્પણ કરીદેશની એકતા માટે લોકો અને અધિકારીઓએ શપથ લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોખંડી પુરૂષ સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તથા અન્ય મહાનુભાવોએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી ત્યાર બાદ રન ફોર યુનિટીને ફ્લેગ ઓફ કરીને ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યું હતું. અને મંત્રી કુંવરજીભાઈ બાવળીયા સહિત તમામ મહાનુભાવોએ રેસકોર્સ ફરતે દોડીને રન ફોર યુનિટીમાં ભાગ લીધો હતો. તમામ ઉપસ્થિતઓએ દેશની એકતા અને અખંડિતતાને જાળવી રાખવા માટે એકતા શપથ લીધા હતા.સવારે ૭.૦૦ વાગ્યે યોજાયેલી આ દોડમાં ગુજરાત પોલિસના યુવાનો, શહેરીજનો, મહિલાઓ, દોડવીરો વગેરે ૨૦૦ લોકો જોડાયા હતા. બહુમાળી ભવન સર્કલથી આરંભાયેલી રન ફોર યુનિટી સમગ્ર રેસકોર્સ રીંગ રોડનું ચક્કર લગાવી આ જ જગ્યાએ સંપન્ન થઈ હતી.

# પોલીસ કંટ્રોલરૂમના કર્મનિષ્ઠ એએસઆઈ ભાર્ગવભાઈ ઠાકર થયા સેવા નિવૃત

### પોલીસ વિભાગના ફૂટબોલ પ્લેયરને ઠેરઠેરથી શુભકામના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ મોરબીના શકત સનાળા ગામના વતની અને રાજકોટ શહેરમાં છેલ્લા વર્ષ ૧૯૮૯થી પોલીસ બેડામાં ફરજ બજાવતા એએસઆઈ ભાર્ગવભાઈ મહેશભાઈ ઠાકર વય મર્યાદાના કારણે સેવા - નિવૃત્ત થયા છે ભાર્ગવભાઈ ઠાકર નિવૃત થતા તેમને ઠેરઠેરથી -શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી - છે. ભાર્ગવભાઈ ઠાકર છેલ્લા ૧૮ - વર્ષથી રાજકોટ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં જનરલ ડ્યુટીમાં ફરજ બજાવી ચૂક્યા છે જેમાં નવ વર્ષ ટ્રાફિક શાખામાં, ત્રણ - વર્ષ ડીસીપી ઝોન ૨ ની કચેરી ખાતે અને ૨૦૨૦ થી નિવૃત્તિ સમય સુધી પોલીસ કંટ્રોલ રૂમ ખાતે ફરજ બજાવી ચૂક્યા છે. ભાર્ગવભાઈ ઠાકરને વર્ષ ૨૦૧૩માં હેડકોસ્ટબલ અને વર્ષ ૨૦૧૭માં એ.એસ.આઈ તરીકે પ્રમોશન મળ્યુ હતું. ભાર્ગવભાઈ ઠાકર પોતાની ફરજની સાથો સાથે સામાજિક અને ધાર્મિક કામ સાથે પણ સંકળાયેલા હતા અને તેમની સામાજિક અને ધાર્મિક



કામગીરીને બિરદાવતા ૩૫ જેટલા સન્માનિત ઈનામો મળેલા છે ભાર્ગવભાઈ ઠાકર ઓલ ઈન્ડિયા પોલીસ મીટમાં બાસ્કેટબોલ, ફૂટબોલ ટુર્નામેન્ટ અને રાજકોટ સીટી પોલીસ ફૂટબોલ ટીમમાં ઓપન ગુજરાત ટુર્નામેન્ટમાં રમી ચૂક્યા છે. કર્મનિષ્ઠ પોલીસ અધિકારી નિવૃત થતા પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વિદાય સમારોહ યોજી નિરોગી અને સુખમય જીવન પસાર કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# મુંબઈ યોગ શિબિરમાં વેપારી ગયા'ને તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું

### પંચશીલ સોસાયટીમાં બનેલી ઘટનાઃ બારીની ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશેલા તસ્કરો દાગીના, ટેબ્લેટ અને ઘડિયાળો સહીત ૯૬ હજારની મત્તા ઉઠાવી ગયા

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના ધોરાજી રોડ પર આવેલી પંચશીલ સોસાયટીમાં રહેતા અને ટેક્ષટાઈલનો વેપાર કરતા શ્રેયશભાઈ પ્રવીણભાઈ પટેલ (ઉ.વ. ૩૮) ગત તા. ૨૧ ઓક્ટોબરના રોજ પોતાની પત્ની એકતાબેન અને પુત્રી સાથે મુંબઈ ખાતે યોગ શિબિરમાં ગયા હતા.

દરમિયાન, ગત તા. ૨૮ ઓક્ટોબરના રોજ બપોરે બે વાગ્યાની આસપાસ શ્રેયશભાઈ ઘરે પરત ફર્યા હતા. તેમણે ઘરનો દરવાજો ખોલી અંદર જોતા ડાબી બાજુના રૂમની બારીની ગ્રીલ તૂટેલી જણાઈ હતી. જેથી શંકા જતાં તેમણે બેડરૂમમાં જઈને તપાસ કરતા કબાટ ખુલ્લો હતો અને સામાન વેરવિખેર હાલત-માં પડયો હતો.

પોતાના ઘરમાં ચોરી થઈ હોવાનું જણાતાં શ્રેયશભાઈએ કબાટમાં તપાસ કરી હતી. જેમાંથી ૨૫ ગ્રામના ચાંદીના સિક્કા નંગ-૨, ૫૦ ગ્રામનો ચાંદીનો સિક્કો નંગ-૧, ચાંદીની ચમચી અને વાટકી (કુલ ચાંદી કિમત રૂ. ૬,૦૦૦), સોનાની બુટ્ટી, ૩ પેન્ડલ, ૨ વીંટી મળી કુલ ૧૫ ગ્રામ સોનું (કિંમત રૂ. ૪૫,૦૦૦), ૧૦ ગ્રામ સોનાની લક્કી (કિંમત રૂ. ૩૦,૦૦૦), લેનોવો કંપનીનું ટેબ્લેટ (કિંમત રૂ. ૫,૦૦૦) તથા અલગ અલગ કંપનીની ૧૦ નંગ ઘડિયાળો (કિંમત રૂ. ૧૦,૦૦૦) મળી કુલ રૂ. ૯૬,૦૦૦/- ની કિંમતી ચીજવસ્તુઓ ગાયબ હતી.

આ સમગ્ર બનાવ અંગે શ્રેયશભાઈ પટેલે જેતપુર સિટી પોલીસ મથકે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી પી.આઈ. એ.ડી. પરમાર ના માર્ગદર્શન હેઠળ વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.